ડિસેમ્બર-૨૦૨૩
વર્ષ : ૧૬
અંક : ૦૬
મુલ્ય : રૂા. ૨૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

*Unity is our Strength*

(માસિક)



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના સત્ર ૨૦૨૪-૨૦૨૬ના નિર્વિરોધ મહાસભાના પ્રમુખશ્રી તરીકે શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડાને પ્રમાણપત્ર એનાયત કરતા ચૂંટણી અધિકારીશ્રી હરીશભાઈ વલ્લભભાઈ પરમાર - વર્ધા સાથે અન્ય મહાનુભાવશ્રીઓ




મહાસભાના સત્ર ૨૦૨૪-૨૬ના નવનિર્વાચીત પ્રમુખશ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડાને શુભેચ્છા પાઠવતા શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ - નાગપુર યુવા મંડળ એવં નાગપુર મહિલા મંડળના પદાધિકારીશ્રીઓ...



મહાસભાના સત્ર ૨૦૨૪-૨૬ના નવનિર્વાચીત પ્રમુખશ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડાને શુભેચ્છા પાઠવતા મહાસભાના હોદ્દેદારશ્રીઓ, નાગપુર ઘટકના કારોબારી સભ્યો એવં યુવા મંડળ એવં મહિલા મંડળના પદાધિકારીશ્રીઓ...

*If undelivered please return to :*
**Setu Samaj Sandesh**
*C/o. Shree K.G.K. Samaj Bhavan*
*Nr. Townhall,*
*ANJAR - KUTCH 370 110.*
*Ph. : (02836) 246511*
RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.








Late Karmsinh Madhavji Tank
(Sinogra)

**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258

**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

**Basic Violet 10 & Other Qualities**

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



'સમાજરત્ન' શ્રદ્ધેય
સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ
ચૌહાણ - રત્નાગીરી

: પ્રેરણા સ્રોત :

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# સેતુ સમાજ સંદેશ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ
સોલંકી - માધાપર



સહ વીર્યં કરવાવહૈ

વર્ષ : ૧૬ અંક : ૦૬ ડિસેમ્બર-૨૦૨૩

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી :
વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઇ મોનજીભાઇ રાઠોડ

(Subject To Anjar Jurisdiction Only)

:: સમાજ સંરક્ષક ::



ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

: માનદ્ તંત્રી-મુદ્રક-પ્રકાશક :



વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8, કામધેનુ સોસાયટી-1,
અંજાર (કચ્છ) 370 110 M. 9408244644, 8160121930

: માલિક :



યોગેશભાઈ મગનભાઈ ચાવડા
પ્રમુખ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા

અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9909069057

:: પથદર્શક ::



સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર
અંજાર (કચ્છ)

માનદ્ સંયોજક (Coordinator)
વિનોદ કેશવજીભાઈ પઢિઆર

પોસ્ટ એવં પ્રિન્ટીંગ
વિનોદ લીલાધરભાઈ ચૌહાણ

લવાજમ-વિજ્ઞાપન
અજય પ્રાગજીભાઈ પઢિઆર

સભ્યશ્રીઓ : વિનોદ શાંતિલાલ જેઠવા વિજય પ્રાગજીભાઈ પઢિઆર પ્રતિક દિનેશભાઈ ટાંક ગિરીશ મહેશભાઈ પરમાર


સંત કબીરનો એક પ્રખ્યાત દોહો છે... "સજન-સ્નેહી બહુતે હૈ, સુખમેં મિલે અનેક... બિપતી પડે દુઃખ બાંટિયે, સો લાખન મેં એક" આજના ઝડપી યુગમાં સાચા સંબંધો ખુબજ ઉપકારક છે. ભૌતિક સુખોના આવરણ અને સ્વયં સ્વાર્થનો લોભ માણસને જડ તથા નિષ્ઠાવિહિન બનાવી દે છે. સુખના સમયે સાથે રહેનાર અને દુઃખના દિવસોમાં મોઢું ફેરવી લેનાર સંબંધો સામે કબીરજી લાલબત્તી ધરી રહ્યા છે. સંબંધોએ કર્મ અને ઋણાનુબંધના લેખા-જોખા સાથે ઈશ્વરે નિર્માણ કરેલી વ્યવસ્થા છે. આ વ્યવસ્થાના આધારે પોતાના હોય તે પારકાં બની જાય... અને પારકાં હોય તે પોતાના બની જાય તેવા ઉદાહરણો આજે જોવા મળી રહ્યા છે. ઋણાનુબંધને ઉજાગર કરતી એક નાનકડી વાર્તા... ચોમાસાનો અણસાર આવતાં ચકલી એક વૃક્ષ પાસે જઇ માળો બાંધવા પરવાનગી માંગે છે. વૃક્ષ તેને રજા ન આપતાં બાજુના વૃક્ષ પર માળો બાંધવાની સલાહ આપે છે. સમય જતાં મુશળધાર વરસાદ પડે છે અને ચકલીને માળો બાંધવાની રજા ન આપનાર વૃક્ષ ધરાશાયી બનીને તણાઇ રહ્યું છે. ત્યારે ચકલી તેનો ઉપહાસ કરતાં કહે છે કે, "તેં મને માળો બાંધવાની 'ના' પાડી તેના પરિણામ સ્વરૂપ તારી આ હાલત થઇ છે." તેની આ વાત સાંભળીને તણાઇ રહેલું વૃક્ષ દુઃખી હૃદયે ખુલાસો કરતાં કહે છે કે, "આ મુશળધાર વરસાદમાં મારૂં અસ્તિત્વ મટી જવાનું છે તે જાણતો હોવાથી તારા શુભેચ્છક તરીકે તને માળો બાંધવાની મેં 'ના' પાડેલી અને બીજા મજબુત વૃક્ષ પર માળો બાંધવા સલાહ આપેલી." પણ, તું મારી વાતને સમજી ન શકી... જીવનમાં ડગલેને પગલે ધસમસતા પ્રવાહની જેમ આગળ વધતા આપણને કોઈની 'ના' રૂપી બ્રેક લાગે ત્યારે ઠંડા દિમાગથી અવશ્યપણે વિચાર કરી લેવો. આપણા સગા-સંબંધી, શુભેચ્છકો અને મિત્રો તરફથી લગાડવામાં આવતી 'ના' રૂપી બ્રેક હંમેશાં આપણને હતોત્સાહી બનાવવા માટે નથી હોતી, આપણા હિત અને ભલા માટે પણ હોય છે. સંત કબીરના મત આપણને માણસને માત્ર ઓળખવાની જરૂર છે. આવી ઓળખ માટે અનુભવથી મોટો કોઇ શિક્ષક નથી. વ્યક્તિના જીવનનું સાચું વૃંદાવન તેના વિચારો છે. આજના અસમંજસ, દુવિધાઓ અને તાણા-વાણા ભર્યા સમયમાં વિચારોની સમૃદ્ધતા જ વ્યક્તિને મજબુત અને સફળ બનાવે છે. આપ ભલા... સો જગ ભલા...ની ભાવના સાથે એવું વિચારીએ કે આપણી સાથે પરિવાર, સમાજ અને રાષ્ટ્રનું પણ ભલું થાય.

**- વિનોદ લીલાધર ચૌહાણ (પ્રભારી, પ્રિન્ટીંગ અને પોસ્ટિંગ)**


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૨૦૦
આજીવન લવાજમ : ₹ ૧૫૦૦

મહાસભા વેબસાઇટ
www.kgksamaj.org

રકમ કોઈપણ Bank of Baroda - Anjar ની શાખામાં "Setu Samaj Sandesh" ના
Saving A/c. No. 03740100017955
IFSC Code - BARB0ANJARX (5th Character is Zero) માં ભરી શકાય છે.
*E-mail : setusamaj@gmail.com Visit us on at : www.setusamajsandesh.org*



ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961




# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા




પ્રમુખશ્રી મહાસભા
શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા
'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642

સહ વીર્યં કરવાવહૈ

મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
પ્લોટ નં. 26-બી, બાલાજીનગર-1
અંજાર (કચ્છ) 370 110
Mob. 09978790488

**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**

**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**

**NAGPUR Office :** "AMBER", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35. **Mob. 937312642** **ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**


## પ્રમુખ સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના વર્તમાન સત્રનું અંતિમ ત્રિ-વાર્ષિક અધિવેશન તા. ૨૩, ૨૪, ૨૫ ડીસેમ્બર-૨૦૨૩ના ત્રણ દિવસ દરમ્યાન છત્તિસગઢ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા રાયપુર ઘટકના સ્નેહમય આમંત્રણથી અનેકવિધ કાર્યક્રમો સાથે યોજાવા જઇ રહ્યું છે. છત્તિસગઢ પ્રાદેશિક સમિતિની ટીમ અને રાયપુર ઘટકની ટીમ અધિવેશનને અવિસ્મરણીય બનાવવા ખુબજ મહેનત કરી રહી છે. સમાજના દરેક સમાજબાંધવો અધિવેશન દરમ્યાન આયોજીત વિવિધ કાર્યક્રમો અને ખાસ કરીને મેરેજ બ્યુરોનો લાભ ઉઠાવે તે માટે ભારતભરના સમસ્ત સમાજબાંધવોને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવું છું. સાથે સાથે વ્યાપારમેળો, સ્કીલ ડેવલપમેન્ટના કાર્યક્રમો મહાસભાની ત્રણેય પાંખના નવનિર્વાચીત સુકાનીશ્રીઓનો સત્કાર સમારોહ અને મહાસભા તથા યુવા મહામંડળ અને મહિલા મહામંડળની બંધારણીય બેઠકોમાં હાજરી આપી સમાજ સંગઠનના પાવન યજ્ઞમાં આપશ્રીનું યોગદાન આપવા અનુરોધ કરું છું.





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના સત્ર ૨૦૨૪-૨૦૨૬ના આદ. પ્રમુખશ્રીની ચુંટણીનું કાર્ય સંપન્ન કરવા માટે શ્રી હરીશભાઇ વલ્લભજીભાઇ પરમાર - વર્ધાને ચૂંટણી અધિકારીશ્રી તરીકે જવાબદારી સોંપવામાં આવેલ હતી. તેઓશ્રીએ ચૂંટણી મંડળની રચના કરી સેતુ સમાજ સંદેશમાં ચૂંટણીના નિયમો, ફોર્મસ અને ચૂંટણીનો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરેલ હતો. આવતા સત્રમાં વધુ એકસત્ર માટે સમાજમાં સેવા આપવા મેં પણ નિયમ અનુસાર મારી ઉમેદવારી નોંધાવી હતી. ફોર્મ પરત લેવાની સમયાવધિ બાદ માત્ર એકજ ઉમેદવાર તરીકે મારું નામ રહેતા ચૂંટણી અધિકારીશ્રી હરીશભાઇ પરમાર દ્વારા વિડિયો મેસેજ દ્વારા આવતા સત્રના આદ. પ્રમુખશ્રી તરીકે મારા નામની ઘોષણા કરી સર્ટીફીકેટ અર્પણ કરી મને શુભેચ્છા પાઠવેલ હતી.

મિત્રો, આવતા સત્રના પ્રમુખશ્રી તરીકે સેવા આપવા અને સમાજની ગૌરવવંતી રાષ્ટ્રીય મહાસભાના અદના સેવક તરીકે મારી પસંદગી કરવા બદલ સમસ્ત સમાજબંધુઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું અને તન, મન, ધનથી પુરી નિષ્ઠા અને સર્વ સમાજબંધુઓને સાથે લઇ કાર્ય કરવાની મારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરું છું. સમાજના નાનામાં નાના વ્યક્તિને લાભાન્વીત કરે તેવી યોજનાઓને વધુ કાર્યક્ષમ બનાવવા પર વધુમાં વધુ ભાર મુકી તે દિશામાં સફળ પ્રયત્નો કરવામાં આવશે તેવો વિશ્વાસ ધરાવું છું અને તે માટે આપ સૌના સાથ-સહકારની અપેક્ષા રાખું છું. વર્તમાન સત્રમાં મને સાથ-સહકાર આપનાર અને હંમેશા મારી પીઠ થાબળી આગળ વધવાનું ઇજન પૂરૂં પાડનાર સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, મારા સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર તેમજ ટીમ મહાસભાના સૌ હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સભ્યશ્રીઓ અને ઘટકોના સુકાનીઓનો આ સ્થળેથી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. મને આશા નહીં પરંતુ પૂરો વિશ્વાસ છે કે આવતા સત્રમાં પણ આપ સૌના સાથ-સહકાર દ્વારા રાષ્ટ્રીય મહાસભાને વધુ ગૌરવાન્વીત કરવાના પ્રયત્નોમાં આપણે સંપૂર્ણ સફળતા મેળવીશું. જય સમાજ...

**યોગેશભાઇ મગનભાઇ ચાવડા - પ્રમુખશ્રી, મહાસભા**




પધારી રહ્યા છે... આપણા અધિવેશને
રાયપુર ઘટકના આંગણે...
લાઈફ કોચ અને પ્રખ્યાત વક્તા
**ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી**
BAPS સંસ્થા

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
**મહાસભા**
સહ વીર્યં કરવાવહૈ
મહાસભા ઝોનલ પ્રાદેશિક
ત્રિ-વાર્ષિક અધિવેશન
મંગળ પરિચય સમ્મેલન
રાયપુર
૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બર 2023

# પધારો રાયપુર ઘટકના આંગણે ...

## મંગળ પરિચય સમ્મેલનનો લાભ કેમ મેળવવો...

### પરંપરાગત આયોજનથી અલગ

**મનગમતા પાત્રને શોધવા સુવિધાજનક અનુકુળ વ્યવસ્થા સંકોચ રહિત વાતાવરણમાં કરીશું પ્રયાસ... મદદ-માહિતી- માર્ગદર્શનનો...**

**કેવલ રજીસ્ટર્ડ પાત્રો માટે**

૧ અપાયેલ લિંક દ્વારા રજીસ્ટ્રેશન કરાવવું.

૨ દરેક 30 રજીસ્ટર્ડ પાત્ર પાછળ એક **મેંટર**ની વ્યવસ્થા કરવા પ્રયાસ રહશે. જેમની સેવા ૧૫ દિવસ અગાઉથી મળશે.

૩ રજીસ્ટર્ડ પાત્રોંને રાયપુર પધારવાના ૧૦ દિવસ પહેલા જ જાહેર લિંકના માધ્યમથી સર્વે પંજીકૃત પાત્રોની વર્ગીકૃત વિગતવાર માહિતી મડી રહશે જેનાથી આયુ, શિક્ષા, વ્યવસાય, નોકરી જેવા અન્ય વર્ગીકરણ સાથે મનગમતા પાત્રોનું Shortlist કરી શકાશે.

૪ Shortlisted પાત્રોંની વિગતને અધ્યન કરીને રાયપુર પધારતા તમને તમારા નિર્ધારિત **મેંટર** સંખ્યા કાઉન્ટર પર મળવું. તમારા દ્વારા પસંદગીના પાત્ર સાથે **મેંટર** મધ્યસ્થતા કરી બન્ને પરિવારના વાર્તાલાપ માટે અનુકુળ વ્યવસ્થા કરી આપવા પ્રયાસ કરશે.

૫ રજીસ્ટર્ડ પાત્રોના પરસ્પર પરિચય અને One to One Meeting માટે આયોજન સ્થળે વ્યાપાર મેળો, ટી પાર્ટી, ક્વિજ, રાસ ગરબા આનંદ મેળા જેવા ગૈર મંચીય પ્રોગ્રામો થશે.

૬ મુખ્ય મંચથી રજીસ્ટર્ડ પાત્રોના પરિચય 200 Feet ની વિશાલ LED Screen માં નંબર સાથે Display થતા રહશે. પસંદગી પાત્રના નંબર નોટ કરતા તમે **મેન્ટર**ની સેવા લઇ શકશો, જે વાર્તાલાપ માટે અનુકુળ વ્યવસ્થા કરી આપવા પ્રયાસ કરશે.

**જોડાશું દિલ થી...**

માત્ર રજીસ્ટર્ડ પાત્રોં માટે
શુલ્ક ૫૦૦/-

**મંગળ પરિચય**

નવા ક્લેવર અને પરિણામ લક્ષી વ્યવસ્થા સાથે

(મૈરેજ બ્યુરો) નું આયોજન ...
સગપણ લાયક સમાજના સમસ્ત
**અપરિણત યુવક-યુવતીઓ**
ની (આયુ, શિક્ષણ, નૌકરી, વ્યવસાય, ઘટક)
વગૈરેહની વર્ગીકૃત માહિતિઓ સાથે
તમને મડશે પરિણામલક્ષી સહયોગ...

૧૫ થી ૨૦ મિનટનું Eye Opening Session
માવિત્રો/ વાલીયો અને ઉમ્મેદવાર પાત્રોં સાથે
૨૫-૨૫ના ગ્રુપમાં સીધે વાર્તાલાપ અને માર્ગદર્શન
સમાજના અનુભવી અને પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ દ્વારા
તથ્યાત્મક આંકડાઓ સાથે...

★ તાત્કાલિક પરિસ્થિતિનુસાર આયોજનમાં ફેરફાર સંભવ છે.

લિંક - **https://sagpansammelan.kgksamaj.org**

ઉપરોક્ત પ્રણાલી બાદ પણ વાલીઓ અને પાત્રોંની અપેક્ષા મંચીય પરિચયની રહશે તો તે પરંપરાગત પરિચય કરાવવા સાર્થક પ્રયાસ રહશે.

જે પાત્રોને Link થી પાત્ર ચયનમાં અસુવિધા થાય તો એમના માટે રાયપુર આવતા મદદ, માર્ગદર્શનની ઉચિત વ્યવસ્થા કરવા પ્રયાસ રહશે.

**નિવેદક-તમારા ઉદ્દેશ્યની સફળતા માટે સમર્પિત મહાસભા મેરેજ બ્યુરો સમિતિ અને ટીમ રાયપુર ઘટક**

# સંજીવની સંકલ્પધારી પરિવારને નમન... વંદન... અભિનંદન...

## ॥ સંજીવની સમ્રાટ પરિવાર ॥


'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર – માધાપર


'મામાશ્રી' શીવલાલભાઈ કરસનભાઈ ચાવડા પરિવાર – જયપુર (રાજસ્થાન)


માતૃશ્રી પુષ્પાબેન ધારસીભાઈ ગોવિંદભાઈ ચૌહાણ પરિવાર – નાગપુર (મહા.)

## પ્રતિ માસ રૂા. ૫૦૦૦/- ના પ્રિમિયમ દાતાશ્રી પરિવાર


શ્રી સુનિલભાઈ વિશ્રામભાઈ ચાવડા પરિવાર – હૈદ્રાબાદ


શ્રી ભોગીલાલભાઈ દેવસીભાઈ ચાવડા પરિવાર – મુન્દ્રા


શ્રી કાંતિલભાઈ જીવરામભાઈ જેઠવા પરિવાર – અંજાર


સ્વ. મણીલાલભાઈ કેશવજીભાઈ ચાવડા પરિવાર – રાયપુર


C.A. શ્રી મુકુન્દભાઈ પુરૂષોત્તમભાઈ ચૌહાણ પરિવાર – સુરત


શ્રી જીગ્નેશભાઈ મગનલાલભાઈ જેઠવા પરિવાર – કલ્યાણ


શ્રી રાજેશભાઈ દયારામભાઈ રાઠોડ પરિવાર – નૈરોબી (આફ્રિકા)


શ્રી સંદિપભાઈ પ્રભુલાલભાઈ ચાવડા પરિવાર – પુના



પ્રમુખશ્રી મહાસભા

શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા
'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા

શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## કાર્યવાહક સમિતિની મીટીંગ - બિલાસપુર (છત્તીસગઢ)

### મીટીંગની કાર્યવાહીની નોંધ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની કાર્યવાહક સમિતિની અર્ધવાર્ષિક બેઠક છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા બિલાસપુર ઘટકના સ્નેહમય આમંત્રણથી તા. ૧૦,૧૧ જુન-૨૦૨૩ના બે દિવસ દરમ્યાન બિલાસપુર ઘટકના વિશાળ સમાજ ભવન મધ્યે મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા – નાગપુરના અધ્યક્ષ સ્થાને મળી હતી. છત્તીસગઢ પ્રાદેશિક પ્રમુખ શ્રી હેમંતભાઇ ચૌહાણ અને બિલાસપુર ઘટક પ્રમુખ શ્રી અંબાલાલભાઇ ચૌહાણ દ્વારા ઉપસ્થિત સૌ સભ્યો અને અતિથિઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રભુ પ્રાર્થના, શ્રદ્ધાંજલિ તેમજ શુભેચ્છા સંદેશાઓનું વાંચન કરવામાં આવ્યું હતું. મહાસભાના પૂર્વ પ્રમુખશ્રી સ્વ. રણજીતભાઇ હરજીભાઇ પરમારના નામનો ઉલ્લેખ કરી તેની સેવાઓને યાદ કરી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. ઉપસ્થિત સૌ સભ્યોએ હાજરી બુકમાં હાજર રહ્યા બદલની સહી કરી આગળના એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી.

મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર – અંજાર એ જણાવ્યું હતું કે, ગત કારોબારી સમિતિની બેઠક ગોંદિયા ઘટકના સ્નેહમય આમંત્રણથી તા. ૩૦,૩૧ ડીસે. ૨૦૨૩ના રોજ ગોંદિયા શ્રી રામદેવરા મંદિરના હોલમાં આયોજીત કરવામાં આવી હતી. જેની મીનીટ્સની નોંધ સેતુ સમાજ સંદેશના મે-૨૦૨૩ના અંકમાં પાના નંબર ૧૧ થી ૧૭ પર વિસ્તૃત રીતે આપવામાં આવેલ છે. આપ સૌ સભ્યોએ તેનો અભ્યાસ કરેલ હશે જ આ નોંધમાં કોઇ વિગત રહી ગઇ હોય અથવા મિનિટ્સ વિશે આપનું કોઇ સુચન હોય તો આદ. પ્રમુખશ્રી અનુમતિ લઇ રજુઆત કરવા વિનંતી કરું છું. કોઇ સૂચન ન હોતાં સૌ સભ્યોએ હાથ ઉંચા કરી સર્વાનુમતે મિનિટ્સને બહાલી આપવામાં આવી હતી.

મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા – નાગપુર એ પોતાનું ઉદ્‌બોધન આપતા સૌ સભ્યોનું સ્વાગત કરેલ હતું. મહાસભા અને તેની વિવિધ સમિતિઓ દ્વારા થયેલ કાર્યનો વિસ્તારપૂર્વક અહેવાલ આપ્યો હતો. ગોંદિયા મધ્યે ગત કારોબારી મીટીંગ અને સામાન્ય સભાએ સર્વાનુમતે ઠરાવ કરી આવતા સત્રના પ્રમુખશ્રીની ચૂંટણી ઓનલાઇન ડીજીટલ માધ્યમથી કરવા ઠરાવ કરેલ છે. જેના માટે પુજનભાઇ રાઠોડ – વડોદરાએ ખુબજ મહેનત કરી સોફ્ટવેર તૈયાર કરેલ છે અને મોક ઇલેકશન પણ કરાવેલ છે જેનો અહેવાલ તેઓશ્રી આપશે.

મહાસભાના સત્ર ૨૦૨૪-૨૬ના આદરણીય પ્રમુખશ્રીની ચૂંટણી નિષ્પક્ષ અને તટસ્થતાપૂર્વક કરવા માટે વર્ધા નિવાસી શ્રી હરીશભાઇ વલ્લભજીભાઇ પરમારની નિમણુંક કરવામાં આવે છે તેઓશ્રી ચૂંટણી મંડળની રચના કરી સફળતાપૂર્વક આદ. પ્રમુખશ્રીની ચૂંટણી કરાવશે તેવી શુભેચ્છા પાઠવું છું. શ્રી હરીશભાઇ વલ્લભજીભાઇ પરમારને પ્રતિનિધિ યાદી અને ચૂંટણીના નિયમો તેમજ ફોર્મસની ફાઇલ સુપરત કરવામાં આવી હતી. શ્રી હરીશભાઇ પરમારે સન્માન બદલ આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ઓનલાઇન ચૂંટણીની પ્રક્રિયા અને બેલેટ પેપરથી મતદાનની પ્રક્રિયાનો સંપૂર્ણ અભ્યાસ કરી જે રીતે શક્ય બનશે તે રીતે પુરી નિષ્ઠાથી નિષ્પક્ષ રીતે અને તટસ્થાપૂર્વક સફળતાથી ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ કરવા મારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરું છું અને મારા પર વિશ્વાસ મુકી આ જવાબદારી સોંપવા બદલ સૌનો આભાર વ્યક્ત કરું છું.

શ્રી પૂજનભાઇ રાઠોડ – વડોદરા દ્વારા ઓનલાઇન ચૂંટણીની સંપૂર્ણ પ્રક્રિયા વિસ્તારપૂર્વક સમજણ આપી હતી. સલાહકાર

અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ પરમારે સભાને જણાવ્યું હતું કે, ગઇ મીટીંગમાં આપણે ઓનલાઇન ચુંટણી પ્રક્રિયાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરેલ હતો પરંતુ આજે આપણે બધા સહમત હોઇએ તો ઓનલાઇન ચૂંટણીની પ્રક્રિયાને સર્વાનુમતે બહાલી આપવી જોઇએ. સૌ સભ્યોએ હાથ ઉંચા કરી સર્વાનુમતે બહાલી આપી હતી.

વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર – અંજાર એ જણાવ્યું હતું કે, બિલાસપુર ઘટક દ્વારા આવું વિશાળ આયોજનના આર્થિક પાસાને પહોંચી વળવા માટે હજુ પણ પોતાનું યોગદાન આપવા વિનંતી કરું છું.

આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે, સમાજનું મુખપત્ર સેતુ સમાજ સંદેશ ઘર ઘર પહોંચવું જોઇએ તે માટે આજીવન સભ્યોમાં કન્સેશન આપી તેની કોપીઓ વધારવામાં આવી છે. તેનાથી સેતુ સમાજ સંદેશમાં મોટો તોટાળો આવેલ છે. આ માટે સેતુ સમાજ સંદેશની ટીમને પુરી સત્તા આપવામાં આવે છે. તેઓ ભેગા મળી તોટાળો ન થાય તેવા નિર્ણયો લઇ કાર્યાન્વીત કરવા અનુરોધ કરું છું.

આદ. શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર – રાજનાંદગાંવ સલાહકાર પ્રમુખશ્રી તરીકેનું પોતાનું ઉદ્‌બોધન આપતા જણાવ્યું હતું કે, મહાસભાની દરેક સમિતિઓ ખુબ સારું કાર્ય કરી રહી છે. આગામી સત્રના આદ. પ્રમુખશ્રીની ચૂંટણી માટે ચૂંટણી અધિકારીશ્રી તરીકે વર્ધા નિવાસી શ્રી હરીશભાઇ પરમારની નિયુક્તિ કરેલ છે તે બદલ તેઓને ધન્યવાદ પાઠવું છું અને મને પુરો વિશ્વાસ છે કે શ્રી હરીશભાઇ પરમાર પુરી નિષ્ઠાથી અને સફળતાપૂર્વક આ કાર્ય સંપન્ન કરાવશે.

શ્રી હિતેશભાઇ વરૂ – રાયપુર એ કોષાધ્યક્ષશ્રી તરીકેનો પોતાનો અર્ધવાર્ષિક અહેવાલ રજુ કરેલ હતો. શ્રી વિમલભાઇ ચાવડાના પ્રભારમાં કોર એકાઉન્ટીંગ કમીટી આપણા એકાઉન્ટન્ટ શ્રી નિતિનભાઇ ટાંક અને ઓડીટરશ્રીન સંપૂર્ણ માર્ગદર્શનમાં આગળની અધુરાશો પુરી કરવા સંપૂર્ણ પ્રયત્ન કરી રહ્યા છે. સેતુ સમાજ સંદેશની નુકશાની ભરપાઇ કરવા ડીજીટલ માધ્યમથી ચોપડી વંચાય તો કોપીની સંખ્યા ઘટી શકે છે. જે આજીવન સભ્ય પોતાની કોપી મોકલાવવાની સ્વેચ્છાએ ના પાડે તો આ કાર્ય સફળ થઇ શકે છે. આ મુહીમ ચલાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા – અંજાર એ પોતાના ઉદ્‌બોધનની સાથે સાથે સંજીવની સમિતિના કાર્યનો અહેવાલ રજુ કર્યો હતો. સંજીવનીની મૂળભૂત કલ્પનાને સાકાર કરવા યોગદાન આપનાર સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. એકાઉન્ટીંગ કોર કમીટીના સભ્ય તરીકે એ દિશામાં આગળ વધવાના પ્રયત્નો કરી રહ્યા છીએ. આપ સૌના આશીર્વાદથી અને આદ. પ્રમુખશ્રીના સફળતાપૂર્વકના પ્રયત્નો દ્વારા ખુબજ સારું કાર્ય થઇ રહ્યું છે. ગઇ મીટીંગમાં આપણે ઉત્તર-પૂર્વના આપણા સમાજબાંધવો કચ્છમાં વસવાટ કરે તે માટેની યોજના બનાવવા આદ. પ્રમુખશ્રીએ આહવાન કરેલ હતું તેના માટે કચ્છમાં પોતાની માલિકીની જમીન માટે આદ. શ્રી ભોગીલાલભાઇ ચાવડા, આદ. શ્રી લાધુરામભાઇ રાઠોડ અને આદ. શ્રી વિનોદભાઇ પઢિઆરના માર્ગદર્શનમાં બેથી ત્રણ જગ્યાએ યોજના વિચારી રાખેલ છે. આજની સભા અમને સંમતિ આપે તો તેમાં આગળ વધી શકાય છે. આદ. સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ પરમારે જણાવ્યું હતું કે, અત્યારે આપણી પાસે નક્કર યોજના નથી પરંતુ આજની સભા એવું નક્કી કરે કે કચ્છમાં આવી રહેણાંકની યોજના બનાવવી તો તેમાં આગળ વધી શકાય છે. સૌ સભ્યોએ આદ. શ્રી પ્રફુલભાઇ પરમારના સુચનને આવકારી સર્વાનુમતે કચ્છમાં આ યોજના પાર પાડવા હાથ ઉંચા કરી સહમતિ આપેલ હતી. માનદ્ સભ્યશ્રી ભોગીલાલભાઇ ચાવડાએ આ કાર્ય માટે યોગ્ય સુચનો કર્યા હતા.

શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ – ઉપપ્રમુખશ્રી મહાસભા એ જણાવ્યું કે, ભુજ મધ્યે સમાજની કોઇ મિલ્કત ઉભી કરવાની ખાસ જરૂરત છે. ભુજ એ કચ્છનું મધ્યમાં આવેલ શહેર છે. મારી આદ. પ્રમુખશ્રી સાથે આ બાબતે ચર્ચા થયેલ છે. ભુજ ઘટકમાં જો મહાસભાની જમીન લેવાનો વિચાર કરવાનો થાય તો ભુજ ઘટક પુરો સહકાર આપવા પ્રતિબદ્ધ છે અને ભુજ ઘટક દ્વારા રૂા. દસ લાખ જેટલી રકમ તેમાં આપવામાં આવશે તેવી બાંહેધરી આપું છું.

આદ. પ્રમુખશ્રી એ જણાવ્યું હતું કે, આ કાર્ય માટે હું શ્રી વિનોદભાઇ ચૌહાણને જવાબદારી સોંપું છું અને અનુરોધ કરું છું કે, ભુજમાં સારી અને કિફાયતી જમીન મળે તે માટે પ્રયત્ન કરે અને બીજી વાત એ કે ભુજમાં જો આવી મિલ્કત ઉભી થાય તો સમાજવાડી તરીકે ભુજના લોકો જ તેનો વધુમાં વધુ લાભ લઇ શકશે. શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણે આદ. પ્રમુખશ્રીના

પ્રસ્તાવને વધાવીને આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રી સુરેશભાઇ ચૌહાણ – મંત્રીશ્રી મહાસભાએ સભાને જણાવ્યું હતું કે, કોરબા ઘટકના મંત્રી શ્રી રવિન્દ્રભાઇ ખાસ એક સુઝાવ લઇને આપણી મીટીંગમાં પધારેલ છે તેમના સુઝાવ મુજબ હાલમાં છત્તીસગઢ શાસન દ્વારા દરેક સમાજને એક આહવાન કરવામાં આવેલ છે કે જો આપનું સમાજ ભવન ન હોય તો આપના વિસ્તારમાં જમીન શોધો અને જમીનના પંદર ટકા રકમ ભરો તો અમે સમાજ ભવન બનાવી આપીશું. તો અમારું સુચન છે કે છત્તીસગઢમાં જે પણ ઘટકનું સમાજ ભવન નથી તે ઘટકમાં સમાજ ભવન બનાવવા માટે મહાસભા સ્તરે એક સમિતિનું ગઠન કરવામાં આવે અને શરૂઆતથી પંદર ટકા રકમ મહાસભાના માધ્યમથી ભરી આપવામાં આવે તો ઘટકે ઘટકે સમાજ ભવનમાં મહાસભાની ભાગીદારી બની રહેશે. આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે, ખુબજ સારો સુઝાવ છે અને હું તથા શ્રી પ્રફુલભાઇ પરમાર, શ્રી ભરતભાઇ સાવરીયા તથા શ્રી વિમલભાઇ ચાવડા સાથે મળી ચર્ચા કરી નિર્ણય લઇશું.

સંબલપુરથી પધારેલ પ્રાદેશિક પ્રમુખ શ્રી ઘનશ્યામભાઇ ચાવડાએ પણ રજુઆત કરતા જણાવ્યું હતું કે, સંબલપુરમાં અત્યારે એકાણું પરિવાર રહે છે. ઓરિસ્સાની સરકારે જાહેરાત કરી છે કે સમાજ પાસે જમીન હોય તો તેમને સમાજ ભવન બનાવવા રૂપિયા વીસ લાખની સહાય આપવામાં આવશે. મહાસભા આવા નાના-નાના ઘટકોમાં સમાજ ભવન બનાવવા તેમાં નાણાંકીય ભાગીદારી કરે તો પણ આ કાર્ય સારી રીતે સફળ થઇ શકે છે. તેઓશ્રીએ મહાસભાના કન્ટ્રીબ્યુશનની પુરી માહિતિ અને પ્રોજેક્ટ રજુ કર્યો હતો.

મહાસભાના ઉપપ્રમુખ શ્રી નારણભાઇ રાઠોડ – દુર્ગ દ્વારા દુર્ગ ઘટકની માહિતિ આપતા જણાવ્યું હતું કે, દુર્ગ ઘટકમાં સમાજ ભવન બનાવવા શ્રી દિલખુશભાઇ વરજાંગભાઇ પરમારે એક એકર જમીન આપવા ઘોષણા કરી છે. જેને સભાએ તાડીઓના ગડગડાટથી વધાવી હતી. સમાજ સંરક્ષક શ્રી ભરતભાઇ કાંતિલાલ સાવરીયાએ ઉદ્બોધન આપતા જણાવ્યું હતું કે, મહાસભા દ્વારા એકાઉન્ટ કોર કમીટીની રચના કરવામાં આવેલ છે. જેની આપ સૌને જાણ હશે જ. આ સમિતિ એકાઉન્ટ્સ અને વેસ્ટ બંગાલ સોસાયટીની ચેરીટી કમિશ્નરશ્રીની ઓફીસની રેગ્યુલારીટી પુરી કરવા પુરો પ્રયત્ન કરી રહી છે. તેઓશ્રીએ પાછલા ત્રણ ચાર સત્રોની પુરી માહિતિ રજુ કરેલ હતી. કોર કમીટીએ ઓનલાઇન કોન્ફરન્સ યોજી યોગ્ય નિર્ણયો લીધા હતા અને કન્સલટન્ટને પુરી સત્તા આપવામાં આવી હતી. ઇન્કમટેક્ષ એક્સામ્સન્સના પુરા નિયમોની જાણકારી આપી હતી. આપણે સફળતાપૂર્વક આ કાર્ય કરી રહ્યા છીએ. આદરણીય પ્રમુખશ્રીએ એકાઉન્ટીંગ અવેરનેશ માટે પેઇડ એકાઉન્ટન્ટની નિમણુંક કરી દીધી છે અને જ્યારે પણ તે કોઇને કોન્ટેક કરે તો તે જે માહિતિ માંગે એ તુરંત પુરી કરવા અનુરોધ કરું છું. સર્વે સભ્યોએ હાથ ઉંચા કરી એકાઉન્ટીંગ કોર કમીટી અને પેઇડ એકાઉન્ટન્ટની નિમણુંકને સર્વાનુમતે બહાલી આપી હતી.

પ્રાદેશિક સમિતિના અહેવાલમાં પૂર્વ ઓરિસ્સા પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી દિનેશભાઇ ટાંકે પોતાનો અહેવાલ રજુ કર્યો હતો. જુદા જુદા ઘટકોમાં થયેલ વિશિષ્ટ આયોજનની માહિતિ આપેલ હતી. મહાકૌશલ પ્રાદેશિક પ્રમુખ શ્રી લીલાધરભાઇ ખોડીયારે અહેવાલ રજુ કર્યો હતો. કટની ઘટકમાં માત્ર બે-ત્રણ ઘરો છે તેને બાજુના કોઇપણ ઘટકમાં મર્જ કરવાનો સુઝાવ રજુ કર્યો હતો. મહાસભા અને અમારા ઝોનલ પ્રમુખશ્રી દ્વારા સારું માર્ગદર્શન મળી રહે છે. આંધ્રપ્રાદેશિક પ્રમુખ શ્રી નટવરલાલભાઇ રાઠોડે પોતાનો અહેવાલ આપેલ હતો.

આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે, અનિવાર્ય કારણોસર થોડા સમય માટે મેરેજ બ્યુરોમાં જવાનું હોતાં આગળનું પ્રમુખ સ્થાન વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવા સંભાળશે.

શ્રી નટવરભાઇએ વધુમાં જણાવ્યું હતું કે, કાજીપેઠ ઘટકના સમાજભવનમાં અધુરાશો પુરી કરવા લગભગ બે લાખની જરૂરત છે. મહાસભાને અને દાન-દાતાઓને સહકાર આપવા વિનંતી કરું છું. વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવાએ જણાવ્યું હતું કે, દરેક સભ્યોને સક્રિયપણે ભાગ લેવા પુરા શિસ્તથી મીટીંગના કાર્યમાં રસ લે તેવો અનુરોધ કર્યો હતો.

લક્ષ્ય સમિતિ અને પરિચય પુસ્તિકા પ્રકાશન સમિતિનો અહેવાલ કિરીટભાઇ ચૌહાણ – ધનબાદ દ્વારા રજુ કરવામાં આવ્યો હતો. શ્રી કિરીટભાઇ ચૌહાણે લક્ષ્ય સમિતિ દ્વારા સપ્ટેમ્બર માસમાં જમશેદપુર મધ્યે યોજાનાર બિઝનેસ મીટ અને સદ્ભાવના મિલનની વિસ્તારપૂર્વક જાણકારી આપેલ હતી. જમશદેપુર ઘટકના આદ. શ્રી દિપભાઇ ટાંક દ્વારા મળેલ સંપૂર્ણ સહકાર બદલ

ધન્યવાદ આપેલ હતા. ઉત્તર-પૂર્વના આપણા દરેક ઘટકના ભાઇ-બહેનો અચૂક આ બિઝનેસ મીટ અને સદ્ભાવના મીટનો લાભ લેવા મહાસભાના મંચથી આમંત્રણ આપેલ હતું.

મને ઝોનલ પ્રમુખશ્રીની જવાબદારી આદ. પ્રમુખશ્રીએ આપેલ હતી. સમાજને અને ઘટકને એક સુત્રતાના માધ્યમથી કડી બનવા પુરી કોશીષ કરી રહ્યો છું. તેમણે કોલ્ડફીલ્ડ પ્રાદેશિક સમિતિનો પણ અહેવાલ રજુ કર્યો હતો. સમાજ સંગઠનના કાર્યમાં ધનબાદ ઘટકની ભુમિકા પર પ્રકાશ પાડ્યો હતો. ધનબાદ દ્વારા સમાજના અંતિમ જન સુધી પહોંચવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સમાજમાં તેરમાના જમણનો કાર્યક્રમ કરવામાં આવે છે જ્યારે કે આપણા શાસ્ત્રોમાં પણ બારમાની ક્રિયા સુધીનું પ્રાવધાન છે. તેરમાના જમણને હતોત્સાહી કરવાથી ધીમે ધીમે આ પ્રક્રિયા બંધ થશે તેવું માનીને ધનબાદ ઘટકે પ્રયત્ન કરેલ છે અને ઠરાવ પણ કરેલ છે. હું સુઝાવ મુકું છું કે આ મુહિમ મહાસભા લેવલેથી શરૂ થવી જોઇએ. સમાજ સંગઠનના કાર્યમાં કઇ રીતે આગળ વધવું જોઇએ તેનો વિસ્તારપૂર્વક ખ્યાલ આપેલ હતો. સમાજ પ્રત્યેની ભાવના આપણા ભાવનાશીલ સમાજમાં ખુબજ જરૂરી છે. ઇશ્વરે અને મહાસભાએ સમાજ સંગઠનના કાર્યમાં મોકો આપેલ છે તે જ આપણું સદ્ભાગ્ય છે. આપણામાં આત્મીયતાની થોડી કમીનો અનુભવ થઇ રહેલ છે. મહાસભાને ગૌરાન્વીત કરવા માટે બધાએ સાથે મળી પ્રયત્નો કરવા આહવાન કરું છું. વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવાએ શ્રી કિરીટભાઇ ચૌહાણ દ્વારા અપાયેલ વકતવ્ય બદલ ધન્યવાદ પાઠવ્યા હતા.

અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ આદ. શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીએ પોતાનું ઉદ્બોધન આપતા સૌ પ્રથમ સુંદર આયોજન બદલ બિલાસપુર ઘટકને ધન્યવાદ આપેલ હતા. અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા કાલથી ઉત્તર-પૂર્વના ઘટકોની સદ્ભાવના યાત્રા શરૂ કરવાના છીએ. જમશેદપુર મુકામે યોજાર સદ્ભાવના મીટની પુરી માહિતિ ઘટકે ઘટકે ફરીને આપશું અને વધુમાં વધુ સંખ્યામાં હાજરી રહે તેવા પ્રયત્નો મહિલા મહામંડળ દ્વારા કરવામાં આવશે. મહિલા મહામંડળ દ્વારા ૯૩ ઘટકોની મુલાકાત લેવાઇ ગયેલ છે અને સમાજબંધુઓએ ખુબજ આદર સત્કાર કરેલ છે. આપણે બધાને જોડવાની કોશીષ કરેલ છે. વિદેશમાં પણ મહિલા મંડળની સ્થાપના કરવામાં આવેલ છે. વિદેશમાં વસતા આપણા સમાજબંધુઓ સમાજને ઝંખે છે આપણી પ્રવૃત્તિથી માહિતગાર થવા તલપાપડ થઇ રહ્યા છે. અમારા કાર્યમાં મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડા અને મહાસભાની પુરી ટીમ દ્વારા સાથ-સહકાર મળી રહ્યો છે. તેના માટે અમે અનુગ્રહિત છીએ અને મહાસભાનો આભાર વ્યક્ત કરીએ છીએ. આદરણીય શ્રી અમિતાબેન સોલંકીએ મહિલા મંડળની દરેક પ્રવૃત્તિઓ વિશે માહિતિ આપેલ હતી.

મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆરે જણાવ્યું હતું કે, ગઇકાલે ઉદ્ઘાટન સમારોહમાં વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયારે અન્નપુર્ણા યોજના અંગે આહવાન કરેલ હતું અને અન્નપુર્ણા યોજના માટે એક વ્યક્તિને દરમાસે એક હજાર મોકલવાના થાય છે તેના માટે મા-બાપ દત્તક લેવાની યોજના મુકેલ હતી. જેમાં એક વર્ષના રૂપિયા બાર હજાર એક વ્યક્તિને દત્તક લેવાના થાય છે. તો જયપુર નિવાસી શ્રી શિવલાલભાઇ ચાવડાએ બે વાલી દત્તક લીધેલ છે, શ્રી નટવરલાલભાઇ ચૌહાણ - નાસીક રોડ તરફથી બે વાલી દતક લીધેલ છે. દિપેશભાઇ પ્રભુલાલ પરમાર - નાગપુર બે વાલી, રામ ભરોસે બે વાલી દતક, સુભાષભાઇ ચાવડા - વડોદરા - બે વાલી દતક, દિલીપભાઇ ચૌહાણ - ચંદ્રપુર - એક વાલી દતક, ભોગીલાલભાઇ ચાવડા - મુન્દ્રા - બે વાલી દતક, રવિન્દ્રભાઇ ટાંક - કોરબા - એક વાલી દતક, દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - અમદાવાદ - એક વાલી દતક, નટવરલાલભાઇ રાઠોડ - વિશાખાપટ્ટનમ - એક વાલી દતક, હેમંતભાઇ ચૌહાણ - બિલાસપુર - એક વાલી દતક લેવા માટે જાહેરાત કરવામાં આવેલ હતી. શ્રી વિનોદભાઇએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

અભિલાષા સમિતિના પ્રભારી, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ - ભુજ એ અભિલાષા સમિતિનો અહેવાલ રજુ કર્યો હતો. મહાસભાની સ્થાપના સમયથી શિક્ષણના ક્ષેત્રમાં થયેલ કામગીરી અને પદ્ધતિનો ખ્યાલ આપેલ હતો. શિક્ષણનું ક્ષેત્ર હાલમાં ખુબજ ખર્ચાળ બની રહ્યું છે તેની સામે આપણે ફુલની પાંખડી જ અર્પણ કરી શકીએ છીએ. સમિતિ પાસે જેટલી અરજીઓ આવે તેનો નિકાલ કરવા પ્રયત્ન કરવામાં આવે છે. તેઓશ્રીએ દાન-દાતાની માહિતિ આપેલ હતી. દર વર્ષે પાંચથી છ લાખ જેટલી સહાય વિતરીત કરવામાં આવે છે. તેની સામે દાન ઓછું મળી રહ્યું છે. સંજીવનીની જેમ શિક્ષણના ક્ષેત્રમાં પણ કાયમી ભંડોળ ઉભું થાય તો ભવિષ્યમાં સારી રીતે સમાજના વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ શકાય છે. કાયમી ભંડોળ ઉભું કરવાની શરૂઆત છેક જુન-

૨૦૧૭માં કરવામાં આવી હતી. જેમાં આદ. શ્રી મનોજભાઇ વેગડ દ્વારા રૂપિયા અગિયાર લાખની જાહેરાત કરવામાં આવી હતી. જેમાંથી ચાર લાખ તેંત્રીસ હજાર મહાસભાને મળેલ છે. પરંતુ હજુ છ લાખ સડસઠ હજાર આપવાના બાકી રહે છે. મેં મારા લેવલથી એકથી વધુ વખત કોશીષ કરેલ છે. આ રકમ મહાસભાને મળી જાય તો તેમાંથી મળતા વ્યાજનો લાભ વિદ્યાર્થીઓને આપી શકાય. આ માટે આદ. દાતાશ્રી મનોજભાઇ વેગડથી સંપર્ક કરી આ રકમ મેળવવા મહાસભાના પદાધિકારીશ્રીઓને વિનંતી કરું છું. શ્રી મનોજભાઇ વેગડે મને રૂબરૂ જણાવેલ કે જે નાણાંકીય વર્ષ પૂરૂં થાય તે પહેલા ધ્યાન દોરશો તો હું આપી દેવા કોશીષ કરીશ.

કચ્છ દર્શન ધાર્મિક ઔદ્યોગિક સમિતિનો અહેવાલ શ્રી વિનોદભાઇ પઢિઆરે આપેલ હતો. સરકારી યોજનાના પ્રભારી શ્રી બાબુલાલભાઇ શામજીભાઇ ચૌહાણે આપેલ હતો. મહિલા ઉત્કર્ષ સમિતિના પ્રભારી શ્રીમતી મીતાબેન રાઠોડ – લાતુર દ્વારા લેખીત અહેવાલ આપ્યો હતો. શ્રી વિનોદભાઇ પઢિઆર દ્વારા વાંચન કરવામાં આવેલ. મહાસભાના પ્રમુખશ્રી તરફથી અન્ય રજુઆત કરતા મંત્રી શ્રી સુરેશભાઇ ચૌહાણે સગપણ સંમેલન સેપરેટ મીટીંગ સીવાયના સમયમાં કરવામાં આવે. બીજો સુઝાવ આપતા જણાવ્યું કે, સગપણલાયક પાત્રના મોટીવેશન માટે ચોક્કસ ફ્રેમવર્ક કરવાની જરૂરીયાત છે.

ત્રીજો સુઝાવ આપતા જણાવ્યું કે, વસ્તી ગણતરીના આંકડા પ્રમાણે પ્રતિનિધિની સંખ્યામાં ઘટાડો થયેલ છે. નાના ઘટકોમાં સમાજભાવના ધરાવનાર અને મહાસભા સાથે જોડાઇ રહેવા પ્રતિનિધિ બનવું આવશ્યક છે. પરંતુ સંખ્યાના હિસાબે તેવા સમાજસેવી ન આવી શકતા હોય તો એવી કોઇ પદ્ધતિ લાવવી જોઇએ કે જેના દ્વારા આવા સેવાભાવી સમાજબંધુઓ મહાસભાથી જોડાયેલા રહે.

ઉપપ્રમુખ શ્રી નારાયણભાઇ રાઠોડ – દુર્ગ દ્વારા પ્રાદેશિક સમિતિ અને ઘટકોના પુનઃગઠન સમિતિનો અહેવાલ આપ્યો હતો. જેમાં ત્રિચિ ઘટકને મદુરાઇ ઘટકમાં, કાજીપેઠ ઘટકને હૈદ્રાબાદમાં, કાનપુર અને અલ્હાબાદને વારાણસી ઘટકમાં અને સોલાપુર ઘટકને પુના ઘટકમાં મર્જ કરવામાં સફળતા મળેલ છે. હજુ પણ ખુબ નાના ઘટકો સાથે સંપર્ક ચાલુ છે.

શ્રી વિનોદભાઇ જેઠવા – વરીષ્ઠ ઉપપ્રમુખશ્રીએ આદ. પ્રમુખશ્રીની મંજુરી લઇ એક ચિંતન બિંદુ મુકતા જણાવ્યું કે, મહાસભાના પ્રમુખશ્રીને ચુંટવાનો રાઇટ્સ જેને આપેલ છે તે હાલના સંજોગોમાં કેટલો વ્યાજબી અને પ્રસ્તુત છે તેના પરચિંતન કરવા અનુરોધ કરું છું. મહાસભાના કા.વા. સભ્ય શ્રી જ્યોતિભાઇએ પ્રતિનિધિ બનાવવા માટેની ચોક્કસ ગાઇડલાઇન નક્કી કરવાનું સુચન કરેલ હતું. દિલીપભાઇ ચૌહાણ – ચંદ્રપુરે સુઝાવ આપતા જણાવ્યું કે, સેતુ સમાજ સંદેશ ઘેર ઘેર પહોંચે તે માટે મહાસભાએ પ્રયત્ન કરેલ છે તેમાં સફળતા મળેલ છે, અત્યારે ઘટકોના પ્રતિનિધિ પોતીન જવાબદારી નિભાવે છે કે નહીં તેના માટે વાર્ષિક સામાન્ય સભામાં જે પ્રતિનિધિ હાજર રહે તેના નામ સેતુ સમાજ સંદેશમાં છાપવામાં આવે તો તે ઘટક જાણી શકશે કે મારા ઘટકનો પ્રતિનિધિ હાજર રહ્યો કે નહીં. શ્રી સુરેશભાઇ ચૌહાણે શ્રી વિનોદભાઇ જેઠવાના સુઝાવ પર જણાવ્યું કે, પ્રથમ કોર કમીટી સુઝાવ આપે કે કોને પ્રમુખશ્રી તરીકે જવાબદારી સોંપવી. શ્રી શીવલાલભાઇ ટાંક – ગોંદિયાએ જણાવ્યું કે, હાલ જે વસ્તીપત્રક બનાવવામાં આવ્યું છે તેમાં ગોંદિયા ઘટકના લગભગ ૧૦ કુટુંબોએ ફોર્મ ભરેલ નથી અને તેઓ અમને ગણકારતા પણ નથી તો તેના માટે શું કરવું તેનું માર્ગદર્શન આપવા વિનંતી છે. વિદર્ભ પ્રાદેશિક સમિતિનો અહેવાલ પણ રજુ કર્યો હતો.

અન્ય કોઇ રજુઆત ન હોતાં મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆરે ઉપસંહાર કરતા જણાવ્યું કે, બે દિવસની મીટીંગમાં આપ સૌ ઉપસ્થિત રહી પોતાનું યોગદાન આપવા બદલ આભાર વ્યક્ત કરું છું. મીટીંગ દરમ્યાન કઇક નકકર કાર્ય આપણે કરી શક્યા છીએ તેનો આનંદ છે. આદ. પ્રમુખશ્રી ખુબજ તરવરાટથી અને કમીટેડ મેન્ટાલીથી કાર્ય કરી રહ્યા છે તે અદ્‌ભૂત છે. મહાસભાનું સદ્‌ભાગ્ય છે કે, આદ. ભરતભાઇ સાવરીયા, આદ. પ્રફુલભાઇ પરમાર, આદ. વિનોદભાઇ જેઠવા, આદ. યોગેશભાઇ ચાવડા, આદ. મનોજભાઇ સોલંકી જેવા લીડરો આપણને મળ્યા છે અને તે બધાથી ઉપર આપણા સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીનું માર્ગદર્શન સતત મળતું રહે છે. આદ. અંબાલાલભાઇ તેમજ તેમની પુરી ટીમ તથા છત્તીસગઢ પ્રાદેશિક પ્રમુખ શ્રી હેમંતભાઇ ચૌહાણ તેમજ આર્થિક યોગદાન આપનાર દાતાશ્રીઓ અને હાજર રહેલ સૌ કાર્યવાહક સભ્યો અને આમંત્રીતોનો મહાસભા અને તેમની બન્ને પાંખ વતી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. રાષ્ટ્રગીતના ગાન સાથે મીટીંગ પુરી થયેલ જાહેર કરવામાં આવી હતી.

સમગ્ર મીટીંગનું સંચાલન મંત્રી શ્રી સુરેશભાઇ ચૌહાણ, વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર, મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવેલ હતું.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



## સત્ર ૨૦૨૪-૨૦૨૬ માટેના આદરણીય પ્રમુખશ્રીની ચૂંટણી

સહ વીર્યં કરવાવહૈ

**ચૂંટણી અધિકારીશ્રીનું કાર્યાલય : વર્ધા (મહારાષ્ટ્ર)**

# ચૂંટણી અધિકારીશ્રીનો અહેવાલ - ઉદ્‌ઘોષણા

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના વર્તમાન પ્રમુખ **શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા - નાગપુર** (મહારાષ્ટ્ર) દ્વારા મહાસભાના આગામી સત્રના આદ. પ્રમુખશ્રીની ચૂંટણીની પ્રક્રિયા સંપન્ન કરવા ચૂંટણી અધિકારીશ્રીની કપરી જવાબદારી મારા શીરે મુકી મારા પર વિશ્વાસ પ્રદર્શિત કરવા બદલ હું તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. સૌ પ્રથમ તો મારા વડીલો, સિનિયર ભાઇઓ જેઓએ મને સલાહ-સુચન આપી પ્રોત્સાહિત કરેલ છે અને અંજાર નિવાસી અને મહાસભાના મહામંત્રી **શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર** તેમજ સેતુ સમાજ સંદેશની સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કરું છું.

ગોંદિયા મધ્યેની કારોબારી સમિતિની મીટીંગ અને સામાન્ય સભાએ કરેલ નિર્ણય મુજબ પ્રથમ ઓનલાઇન ડીઝીટલ માધ્યમથી ચૂંટણી કરવાનું નક્કી કરેલ જેના નિયમો અને ફોર્મસનું પ્રકાશન સપ્ટેમબર-૨૦૨૩માં કરવામાં આવ્યું હતું. પરંતુ ઓડીટરશ્રી અને વડીલ સલાહકારોની સલાહથી આ પ્રક્રિયા શક્ય ન બનતા આપણી પ્રણાલી મુજબ બેલેટ પેપર દ્વારા વોટીંગ કરવા માટેનું જાહેરનામું ઓક્ટોબર-૨૦૨૩માં પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. તે મુજબ તા. ૨૦/૧૦/૨૦૨૩ થી તા. ૩૧/૧૦/૨૦૨૩ સુધી નામાંકન પત્ર ભરવાનો સમય નિર્ધારિત કરવામાં આવેલ હતો. આ સમય દરમ્યાન એટલે કે તા. ૩૧/૧૦/૨૦૨૩ના સાંજે પાંચ વાગ્યા સુધીમાં કુલ્લ ત્રણ ભાઇઓએ પોતાના નામાંકન પત્રો જમા કરાવેલ હતાં. જેમાં

| | | |
|---|---|---|
| **(૧)** | **શ્રી યોગેશભાઇ મગનલાલ ચાવડા** | **નાગપુર** |
| **(૨)** | **શ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમાર** | **રાજનાંદગાંવ** |
| **(૩)** | **શ્રી નિતિનભાઇ દેવસીભાઇ પરમાર** | **ગાંધીધામ** |

આમ કુલ્લ ત્રણ નામાંકન પત્રો જમા થયા હતા. તા. ૦૧/૧૧/૨૦૨૩ના નામાંકન ચકાસણીની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ હતી. જેમાં હું અને મારી સમિતિના સદસ્યો ઉપરાંત બે ઉમેદવારશ્રીઓ શ્રી યોગેશભાઇ મગનલાલ ચાવડા - નાગપુર અને શ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમાર - રાજનાંદગાંવ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌ ભાઇઓએ ખુબજ સારા વાતાવરણમાં આ કાર્ય સંપૂર્ણ સહકારથી સંપન્ન કરાવવા બદલ મહાસભા અને ચૂંટણી મંડળ વતી તેઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.



**શ્રી યોગેશભાઇ મગનલાલભાઇ ચાવડા**
**નાગપુર**
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
મહાસભાના
સત્ર ૨૦૨૪-૨૦૨૬ના
નિર્વિરોધ ઘોષિત થયેલ પ્રમુખશ્રી

નામાંકન પત્રની ચકાસણી કઇ રીતે કરવામાં આવશે તે વિધિવત દરેકને સમજાવવામાં આવ્યું. બનાવેલ પર્ફોરમા બધાને બતાવવામાં આવ્યો અને દરેક ઉમેદવારોની સહમતિ લેવામાં આવી. બધા ઉમેદવારોએ સહમતિ દર્શાવી ચકાસણી પત્રકમાં પોતાની સહી કરી આપેલ હતી. ત્યાર બાદ ચકાસણીનું કાર્ય શરૂ કરવામાં આવેલ હતું. શ્રી નિતિનભાઇ દેવસીભાઇ પરમાર - ગાંધીધામનું નામાંકન અધુરાશને લઇને રદ્દ કરવામાં આવેલ હતું. જેની જાણ તેમને ફોનથી પાઠવી આપવામાં આવેલ હતી. શ્રી યોગેશભાઇ મગનલાલભાઇ ચાવડા અને **શ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમાર**ના નામાંકન આગળની પ્રક્રિયા માટે માન્ય રહ્યા હતા. તે વખતે પણ નિર્ણય આપી ચકાસણીને અંતે દરેક ઉમેદવારના હસ્તાક્ષર લેવામાં આવેલ હતા. આગળની પ્રક્રિયામાં તા. ૦૨/૧૧/૨૦૨૩ થી તા. ૦૫/૧૧/૨૦૨૩ના સાંજે પાંચ વાગ્યા સુધી નામાંકન પત્રો પાછા લેવાની અવધી દરમ્યાન **શ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમારે** પોતાનું નામાંકન પત્ર પરત લઇ (પાછા ખેંચી) લીધું હતું. આમ **હવે માત્ર અને માત્ર એક ઉમેદવાર શ્રી યોગેશભાઇ મગનલાલભાઇ ચાવડા - નાગપુર મહાસભાના આગામી સત્રના પ્રમુખ પદના ઉમેદવાર તરીકે બાકી રહ્યા હતા. તેઓશ્રી સત્ર ૨૦૨૪-૨૦૨૬ના પ્રમુખ પદ માટે એકલા પ્રત્યાશી બાકી રહેવાથી હું ચૂંટણી અધિકારી શ્રી હરીશભાઇ વલ્લભભાઇ પરમાર - વર્ધા** ઘોષણા કરું છું કે, **નાગપુર નિવાસી શ્રી યોગેશભાઇ મગનલાલભાઇ ચાવડા નિર્વિરોધ** (unopposed) **મહાસભાના આગામી સત્ર ૨૦૨૪-૨૦૨૬ ના પ્રમુખશ્રી તરીકે કાર્ય સંભાળશે.** તેઓશ્રીને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવેલ છે.

**સ્થળ : વર્ધા (મહારાષ્ટ્ર)**
**તારીખ : ૦૬/૧૧/૨૦૨૩**

**(હરીશભાઇ વલ્લભભાઇ પરમાર)**
ચૂંટણી અધિકારીશ્રી, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા (સત્ર ૨૦૨૪-૨૦૨૬)

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## ત્રિ-વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

**રાયપુર (છત્તીસગઢ)**

# મહાસભાની કાર્યવાહક સમિતિ સભાની સૂચના

પ્રતિશ્રી,

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ... જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક છત્તિસગઢ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા રાયપુર ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાના અધ્યક્ષપદે આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

**તા. ૨૩/૧૨/૨૦૨૩, શનિવાર, સમય : સવારે ૧૧.૩૦ થી બપોરે ૧.૩૦**
**તા. ૨૪/૧૨/૨૦૨૩, રવિવારના સવારે ૯.૩૦ થી ૧.૦૦, સ્થળ : શ્રી મારૂતિ મંગલમ ભવન, રાયપુર (છ.ગ.)**

**:: કાર્યસુચી ::**

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન

★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી

★ મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાનું ઉદ્બોધન

★ ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્બોધન

★ મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્બોધન

★ મહાસભાના કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ, વર્ષ ૨૦૨૨-૨૩ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી

★ મહાસભાના કોષાધ્યક્ષશ્રી દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજીત બજેટની રજુઆત અને બહાલી, ઓડીટરની નિયુક્તિ અંગે બહાલી

★ પ્રાદેશિક સમિતિ અને મહાસભાની વિવિધ સમિતિના અહેવાલો

★ આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા અને નિર્ણય

★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતિથી અન્ય રજુઆત

★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત

**નોંધ :** ઉપરોક્ત સભામાં વિચારણાર્થે કાર્યવાહક સભ્યશ્રીઓ દ્વારા મોકલાવવામાં આવતા સુચનો અને સુઝાવો **(વધુમાં વધુ ત્રણ સુઝાવો પ્રતિ પ્રતિનિધિ) તા. ૧૫/૧૨/૨૦૨૩** સુધી **મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરને મહાસભાના અંજાર કાર્યાલયના સરનામે** મોકલાવવા વિનંતી છે. સભામાં રજુઆત માટે સંબંધિત પ્રતિનિધિએ ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે. સુચનો અને સુઝાવોને કાર્યના રૂપમાં કેમ પરિપૂર્ણ કરી શકાય અને તે કરવા આપશ્રીનો શું સહયોગ રહેશે તેવી રૂપરેખા પણ મોકલાવવી જરૂરી છે.

**વિશેષ નોંધ :– મહાસભાની દરેક પ્રાદેશિક સમિતિએ પોતાના વિસ્તારના પ્રતિનિધિઓની મીટીંગ બોલાવી અહેવાલ અને સુચનો લેખીતમાં લાવવા.**

**સરનામું : શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર – મહામંત્રીશ્રી મહાસભા**
**શોપ નં. ૫, બાલાજી ચેમ્બર્સ–૨, હોટલ પાયલ નીચે, પો. અંજાર (કચ્છ–ગુજરાત) ૩૭૦૧૧૦. મો. ૯૯૭૮૭૯૦૪૮૮**

**:: વિનિત ::**

**શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા) મો. ૯૪૦૮૨૪૪૬૪૪**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ

## ત્રિ-વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

**રાયપુર (છત્તીસગઢ)**

# મહાસભાની ત્રિવાર્ષિક સામાન્ય સભાની સુચના – આમંત્રણ

પ્રતિશ્રી,

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ તથા સર્વે ઘટક પ્રતિનિધિઓ, મહાસભાની બન્ને પાંખો, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.મહિલા મહામંડળ તથા શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.યુવા મહામંડળના સર્વે પદાધિકારીશ્રીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ...

જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની ત્રિ-વાર્ષિક સામાન્ય સભાની બેઠક છત્તિસગઢ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા રાયપુર ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાના અધ્યક્ષપદે આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

**તા. ૨૫/૧૨/૨૦૨૩, સોમવાર, સમય : સવારે ૯.૩૦ થી ૧.૦૦ અપરાન્હ ૩.૩૦ થી ૬.૦૦**
**સ્થળ : શ્રી મારૂતિ મંગલમ ભવન, રાયપુર (છ.ગ.)**

**:: કાર્યસુચી ::**

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન
★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી
★ મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાનું ઉદ્‌બોધન તથા ત્રિ-વાર્ષિક પ્રતિવેદન
★ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્‌બોધન
★ મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્‌બોધન
★ મહાસભાના કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ, વર્ષ ૨૦૨૨-૨૩ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી
★ મહાસભાના કોષાધ્યક્ષશ્રી દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજીત બજેટની રજુઆત અને બહાલી, ઓડીટરની નિયુક્તિ અંગે બહાલી
★ મહાસભાના ઉપપ્રમુખશ્રીઓના અહેવાલ
★ મહાસભાના મહામંત્રીશ્રીઓ, મંત્રીશ્રીઓ, સહમંત્રીશ્રીઓના અહેવાલ
★ વિભાગીય પ્રમુખશ્રીઓના અહેવાલ
★ પ્રાદેશિક સમિતિ અને મહાસભાની વિવિધ સમિતિના અહેવાલો
★ કાર્યવાહક સમિતિની સભામાં થયેલ સુચન-સુઝાવોની જાણકારી તથા બહાલી
★ વિશેષ સન્માન કાર્યક્રમ
★ ચૂંટણી અધિકારીશ્રી દ્વારા ચૂંટણીના પરિણામની વિધીવત ઘોષણા તથા નવા ચૂંટાયેલ મહાસભાના આદરણીય પ્રમુખશ્રીને મંચ પર આમંત્રણ
★ મહાસભાના નવનિર્વાચીત આદરણીય પ્રમુખશ્રીને ચૂંટણી અધિકારીશ્રી દ્વારા પ્રમાણપત્ર અર્પણવિધી તથા સ્વાગત
★ મહાસભાના નિવૃતમાન આદરણીય પ્રમુખશ્રી દ્વારા શુભેચ્છા ઉદ્‌બોધન તથા આભારદર્શન
★ મહાસભાના નવનિર્વાચીત પ્રમુખશ્રી, અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખશ્રી, અ.ભા.યુવા મહામંડળના પ્રમુખશ્રીનું અભિવાદન
★ નવનિર્વાચીત પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન
★ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રાસંગીક પ્રવચનો
★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતીથી અન્ય રજુઆત
★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત

**:: વિનિત ::**

**શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા) મો. ૯૪૦૮૨૪૪૬૪૪**



॥ ૐ શાંતિ ॥

સહ વીર્યં કરવાવહૈ

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા**

# 'સંજીવની-૪'

*The Lifeline.....*

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**
(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

## નૂતન વર્ષનો નવસંકલ્પ.... સ્વસ્થ સમાજ...

વિક્રમ સંવત ૨૦૮૦ના નૂતન વર્ષના આરંભે, મહાસભાના નૂતન સત્ર માટે બિનહરીફ નિર્વાચીત વર્તમાન **પ્રમુખશ્રી યોગેશભાઇ મગનલાલભાઇ ચાવડા**ના કૂશળ, કર્મઠ, યશસ્વી નેતૃત્વમાં સમાજ ઉત્કર્ષની તમામ ગતિવિધિ પૂર્ણ નિષ્ઠાથી અમલમાં છે. મહાસભાની અનેકવિધ સમાજ ઉપયોગી યોજનામાં અગત્યની એવી **'સંજીવની'** યોજનાની સાફલ્ય ગાથાને પણ આ સાથે ૧૨ વર્ષની અવિરત સેવાયાત્રા દરમ્યાન લગભગ **રૂા. ૧ કરોડ**થી વધારેની રાશી મેડીકલ સહાયરૂપે સમાજના જરૂરીયાતમંદ પરિવારોમાં વિતરણ કરી અનેક લાભાર્થી પરિવારોની આંતરડીને ઠારવાનું પુણ્યશાળી કાર્ય કરેલ છે. **'સંજીવની'** યોજનાની સફળતાના સુત્રધાર રહ્યા... **સમાજપ્રેમી સંજીવની સંકલ્પધારી પરિવારો** કે જેમના પ્રતિમાસ નિશ્ચિત આર્થિક સહયોગથી 'સંજીવની'ને સ્થાયીત્વ મળેલ છે. આ યોજના હેઠળ એક સમાજપ્રેમી પરિવાર પ્રતિમાસ રૂા. ૫,૦૦૦/- આપી 'પ્રિમિયમ દાતાશ્રી', રૂા. ૨૧૦૦/૨૦૦૦ આપી 'માનદ્ દાતાશ્રી', રૂા. ૧૫૦૦/૧૦૦૦ આપી 'સહયોગી દાતાશ્રી', રૂા. ૫૦૦/- આપી સ્નેહી દાતાશ્રી માનદ્ સેવા પુરી પાડે છે.

પરમકૃપાળુ પરમાત્માના જ દીન-દુઃખી સંતાનોના લાભાર્થે, પોતાની પરસેવાની કમાણીમાંથી ''પરમ પિતા પરમાત્મા''નો ભાગ કાઢી, 'સંજીવની'ને જ્યારે અર્પણ કરવામાં આવે છે ત્યારે માનવતા ફોરમતા ફુલડાંની માફક મહેકી ઊઠે છે. મિત્રો, આપ પણ આપના આંગણે આવતા સારા-માઠા, શુભ-અશુભ, ધાર્મિક, વૈવાહિક, સંસારીક, આર્થિક, આધ્યાત્મિક, વગેરે પ્રસંગો પર સદ્ગત સ્નેહીજનોની સ્મૃતિને સદાય માટે લોકહીતના કાર્યો થકી યાદ કરતા રહેવા માટે, પરિવારમાંથી વસમી વિદાય લઇ ગયેલ વડીલો, આત્મજનોના કલ્યાણાર્થે અપાતું સ્મૃતિદાન સાચા અર્થમાં સાર્થક નિવડે છે. આવા બધા જ પ્રસંગો પર 'સંજીવની'માં યથાશક્તિ-યથાઇચ્છા સામાજીક ફાળો આપી, આપણે પણ આપણું જીવન ઘરે બેઠા સાર્થક બનાવી શકીએ.

આવો મિત્રો આજ ફરી એકવાર 'સંજીવની સ્થાયી ફંડ'માં રૂા. ૫૧,૦૦૦ થી વધારેનો સહયોગ આપી **''સમાજમાં મૂઠી ઊંચેરા પરિવારો''**માં માનભેર સ્થાન મેળવનાર **'સંજીવની સરતાજ'** પરિવારને નમન, વંદન, અભિનંદન સાથે ગૌરવભેર યાદ કરીએ.

### ''સંજીવની સરતાજ પરિવાર''

| | | |
|---|---|---|
| ૧ | ૮,૨૭,૦૦૦ | માતૃશ્રી પુષ્પાબેન ધારસીભાઇ ગોવિંદભાઇ ચૌહાણ પરિવાર - નાગપુર (હ. શ્રી મનોજભાઇ ડી. ચૌહાણ) |
| ૨ | ૫,૦૦,૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) પરિવાર - જયપુર (રાજસ્થાન) |
| ૩ | ૩,૦૩,૦૦૦ | શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ ગોપાલજીભાઇ જેઠવા પરિવાર - અંજાર |
| ૪ | ૩,૦૦,૦૦૦ | સ્વ. ઉત્તમરામભાઇ પ્રેમજીભાઇ રાઠોડ પરિવાર - ચક્રધરપુર-જબલપુર |
| ૫ | ૨,૦૩,૦૦૦ | શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - અમદાવાદ |
| ૬ | ૨,૦૦,૦૦૦ | સેતુ સમાજ સંદેશ (હ. સ્વ. ભરતભાઇ વી. વાઢેર - પૂર્વ તંત્રીશ્રી-અંજાર) |
| ૭ | ૧,૫૩,૦૦૦ | શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ પરિવાર - ગાંધીધામ |
| ૮ | ૧,૫૨,૦૦૦ | માતૃશ્રી અમ્રતબેન દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી-કેન્યા-આફ્રિકા |
| ૯ | ૧,૫૧,૦૦૦ | શ્રી અમૃતલાલભાઇ કેશવજીભાઇ ટાંક - નવેગાંવ-ગોંદિયા |

| | | |
|---|---|---|
| ૧૦ | ૧,૫૧,૦૦૦ | સ્વ. રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ) |
| ૧૧ | ૧,૫૧,૦૦૦ | કર્નલ સત્યાન ડી. રાઠોડસર - અમદાવાદ |
શ્રી ગુર્જર ક્ષત્રિય સમાજ ગોંદિયા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઘટકના સહયોગથી શ્રી ગુર્જર ક્ષત્રિય યુવા મંડળ તથા મહિલા મંડળ દ્વારા તા. ૧૬-૧૦-૨૩ થી તા. ૨૪-૧૦-૨૩ સુધી નવરાત્રી ઉત્સવનું આયોજન સમાજ ભવનમાં કરવામાં આવેલ. દરરોજ રાત્રે ૯.૩૦ થી રાત્રે ૧૧.૩૦ સુધી રાસગરબાનો કાર્યક્રમ રહેતો હતો. માતાજીના મંડપને ડેકોરેટ કરવામાં યુવા મંડળના પ્રમુખ શ્રી રવિભાઇ પરમાર, શ્રી મિહીરભાઇ પરમાર તથા યુવા મંડળના સદસ્યો તેમજ મહિલા મંડળના શ્રીમતી પ્રિયંકાબેન રાઠોડ દ્વારા મંચ સંચાલન કરવામાં આવેલ હતું. દરરોજ ૨૦૦ થી ૨૫૦ સદસ્યોની ઉપસ્થિતિ રહેતી હતી. તા. ૨-૧૧-૨૦૨૩ થી તા. ૭-૧૧-૨૦૨૩ સુધી એક્યુપ્રેશરના શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. એક્યુપ્રેશર રીસર્ચ ટ્રેનીંગ સેન્ટર સંસ્થાન જોધપુરના નામાંકીત ડૉ. મુકેશ ચૌધરી તથા ડૉ. ટી.આર.ચૌધરી દ્વારા સુમેક, વાઇબ્રેશન નેચરલ થેરેપી ગોઠણના દર્દ, મોટાપા, બ્લડપ્રેશર, સુગર, ગેસ, કબ્જ, સરવાઇકલ દર્દ, કમર દર્દ, જોડ દર્દ, સાઇટીકા વગેરેનો ઇલાજ નામમાત્ર શુલ્ક લઇ કરવામાં આવ્યો હતો. રજીસ્ટ્રેશન શુલ્ક પ્રતિ વ્યક્તિ રૂા. ૧૦૦/- લઇ ૬ દિવસ સુધી ઇલાજ કરવામાં આવ્યો હતો. સમાજના ૧૫૦ સદસ્યોએ આ શિબિરમાં ઉપસ્થિત રહી શિબિરનો લાભ ઉપાડેલ હતો.

ગોંદિયા સમાજના સદસ્ય શ્રી વિનયભાઇ મુલજીભાઇ પરમાર તથા શ્રી સંજયભાઇ સુરેશભાઇ પરમારે સરકારી અધિકારીઓને મળીને સમાજના લોકોને સુવિધા થઇ રહે તે હેતુથી જેઓના આધાર કાર્ડ બનેલ નથી તેમજ જેઓના બનેલ છે તેને અપડેટ કરાવેલ હતા લગભગ લોકોએ પોતાના આધારકાર્ડ અપડેટ કરાવેલ હતા. તેવી જ રીતે સરકારશ્રી દ્વારા સંચાલીત વિવિધ યોજનાઓના લાભ સમાજના નિરાધાર લોકોને મળી રહે તે હેતુસર આધાર કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ પણ બનાવીને આપવામાં આવેલ હતો. જેનો લાભ સમાજના ૧૦૫ સદસ્યોએ લીધેલ હતો. આ કાર્યક્રમની સફળતાનો શ્રેય શ્રી વિનયભાઇ પરમાર તથા શ્રી સંજયભાઇ પરમારને ફાળે જાય છે.

## રાંચી ઘટક

દિવાળી એવં નૂતન વર્ષના નિમિત્તે સ્થાનીય ગુજરાતી સ્કુલમાં શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાંચી ઘટક અને સ્થાનીય ગુજરાતી સમાજના સહયોગથી સમુહ ભોજનનું આયોજન કરવામાં આવેલ હતું. લગભગ ૪૦૦ વ્યક્તિ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સમુહ ભોજનના આયોજનમાં આપણા ઘટકના શ્રી રાજેશભાઇ મણીલાલ ચૌહાણ, શ્રી દિપાંકર પ્રફુલભાઇ ચૌહાણ, શ્રી નિલેશભાઇ રસીકભાઇ ચૌહાણ અને કુણાલ નરેન્દ્રભાઇ ટાંકના નેતૃત્વમાં સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ હતું.



## નાગોર ઘટક



નાગોર ઘટક દ્વારા તા. ૨૯-૧૦-૨૩, રવિવારના રોજ વર્ષ ૨૦૨૨-૨૩નું સરસ્વતી સન્માનનું આયોજન શ્રી નાગોર કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન મધ્યે રાખવામાં આવ્યું હતું. જેનું સંચાલન નાગોર ઘટક મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

જેમાં ઘટક પ્રમુખ શ્રી વિજેશભાઇ ધનજીભાઇ સોલંકી મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી કાન્તાબેન છગનલાલ પરમાર તથા યુવા મંડળ પ્રમુખ શ્રી આનંદભાઇ ભારતભાઇ ચૌહાણ તથા સર્વે સમાજબંધુ ઉપસ્થિત રહ્યા હતા ત્યાર બાદ સરસ્વતી વંદનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી મુકેશભાઇ કાનજીભાઇ ગોહિલે બાળકોને ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા અને અંતમાં સૌ સમાજબંધુઓએ સાથે મળી ભોજન લઇ રાસની મજા માણી હતી. ત્યાર બાદ આભારવિધી કુ. દર્શનાબેન પરેશભાઇ ચૌહાણ તથા કુ. યશ્વીબેન નિરંજનભાઇ ચૌહાણે કરી હતી.

## જયપુર ઘટક





જયપુર સમાજમાં રામ કથા, શ્રીમદ્ ભાગવત કથા અને રૂદ્રાભિષેકની ઉજવણી ઉપરાંત માતાજીના નવરાત્રીના ઉત્સવનું ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું હતું. સમાજ ભવનમાં માતાજીની ઘટ: સ્થાપના પુન:વિધિ વિધાનપૂર્વક કરવામાં આવેલ. નવરાત્રી દરમિયાન સમાજ સભ્યોએ રોજ ગુજરાતી પરંપરા મુજબ રાસ ગરબા-દાંડીયા રાસનો આનંદ માણ્યો હતો. નાના બાળકોથી લઇને વડીલોએ રોજ માતાજીના ચોકમાં ગરબાનો આનંદ લીધેલ. આઠમના દિવસે નવકુંડી હવન કરવામાં આવેલ. જેમાં ૧૪ જોડલાઓએ હવનમાં બેસીને આહુતિનો લાભ લીધેલ. નોમના દિવસે મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ. દશેરાના દિવસે રાવણ દહન કરવામાં આવ્યું હતું અને સાથે સાથે ગુજરાતી સ્પેશ્યલ ફાફડા-જલેબી અને ખમણ અલ્પાહારનો આનંદ માણેલ. આ નવ દિવસે સમાજ વતી રોજ લ્હાણી આપવામાં આવેલ અને નાના બાળકો માટે રોજ ગીફ્ટ, ચોકલેટ વગેરે આપવામાં આવેલ. આ નવ દિવસ દરમ્યાન રાજસ્થાન પ્રાદેશિક પ્રમુખ, મહાસભા પ્રતિનિધિ, કારોબારી સમિતિ, સમાજ સભ્ય સાથે આસપાસના પરિવારજનો ઉપસ્થિત રહી માતાજીની આરાધના કરેલ હતી.

## કટક ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કટક ઘટકની સામાન્ય સભાનું આયોજન તા. ૧-૧૦-૨૦૨૩ના રવિવારના રોજે કરવામાં આવેલ. જેમાં સત્ર ૨૦૨૪-૨૦૨૬ માટે નીચે જણાવેલ પદાધિકારીઓનું ચયન થયેલ છે.










પ્રમુખ - શ્રી પ્રકાશચંદ્રભાઇ દેવજીભાઇ ટાંક, ઉપપ્રમુખ - શ્રી દિનેશભાઇ નાનાલાલભાઇ ટાંક, મંત્રી - શ્રી ગીરીશભાઇ દયારામભાઇ ખોડિયાર, સહમંત્રી- શ્રીમતી વંદનાબેન જયેશભાઇ રાઠોડ, ખજાનચી-શ્રી ભાવેશભાઇ અરૂણભાઇ રાઠોર.

# સમાજ ગૌરવ



માધાપર ઘટકના મંત્રી શ્રી ગિરીશભાઇ મેઘજીભાઇ ચૌહાણ અને ભાવનાબેનની સુપુત્રી હિમધી ચૌહાણે વેસ્ટ ઝોન સ્વિમિંગ સ્પર્ધા ભોપાલ (મધ્યપ્રદેશ)માં તા. ૧૫/૧૦/૨૩ થી ૧૯/૧૦/૨૩ના યોજાયેલ. જેમાં (૧) ૨૦૦ મીટર ફ્રી સ્ટાઇલમાં સિલ્વર મેડલ (૨) ૪૦૦ મીટર ફ્રી સ્ટાઇલમાં સિલ્વર મેડલ (૩) ૫૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં બ્રોન્ઝ મેડલ (૪) ૧૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં સિલ્વર મેડલ (૫) ૨૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં સિલ્વર મેડલ અને તા. ૨૩/૧૦/૨૩ થી ૨૫/૧૦/૨૩ રાજકોટમાં રાજ્ય કક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ મેળવી રાષ્ટ્રીય લેવલે પસંદગી થતા સમસ્ત સમાજ અને પરિવારનું ગૌરવ વધારેલ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ ઉતરોત્તર પ્રગતિની શુભેચ્છા.



રાંચી (ચંદીયા) નિવાસી શ્રી જતીનભાઇ ચાવડા તથા શ્રીમતી પૂજાબેન ચાવડાની સુપુત્રી કુ. દિવ્યા ચાવડાએ કલકતામાં આયોજીત નેશનલ યોગ સ્પર્ધામાં (સિક્સ નેશનલ ગેમ્સ એન્ડ સ્પોર્ટસ અન્ડર-૧૭ ગ્રુપ ઇવેન્ટ) ગોલ્ડમેડલ પ્રાપ્ત કરી સમાજ તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...



ભિલાઇ નિવાસી શ્રી રૂપેશભાઇ તથા શ્રીમતી સિમ્પલબેન મારૂની સુપુત્રી કુ. નિયતિ મારૂએ (એ.આઇ.ડી.એ.-૨૦૨૩-૨૪) નટવર ગોપાલ કૃષ્ણ નેશનલ એવોર્ડ કોમ્પીટીશન તા. ૨૭-૧૦-૨૩ના થઇ હતી. જેમાં કથક (સોલો)માં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી સમસ્ત પરિવાર અને સમાજને ગૌરવ અપાવેલ છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામનાઓ....



ભિલાઇ નિવાસી શ્રી ઉત્તમભાઇ અને શ્રીમતી વર્ષાબેન ખોડિયારના સુપુત્ર હર્ષ ખોડિયારને ૩૦ ઓગષ્ટ-૨૦૨૩ના વર્લ્ડ આર્મ રેસલીંગ ચેમ્પીયનશીપ કઝાકિસ્તાન જુનિયર બોયઝની ૬૦ કિગ્રા સુધીની દિવ્યાંગ કેટેગરીમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી ભિલાઇ ઘટકને તેમજ ભારત સ્તરે સમાજને ગૌરવ અપાવેલ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામનાઓ...




દીપક પરમાર અને વીણાબેન પરમારના સુપુત્ર રેયાંશ પરમારને થર્ડ વેસ્ટ ઝોન કરાટે ચેમ્પીયનશીપ, તા. ૨૫-૨૭ ઓગષ્ટના ગોવામાં થયેલ હતી. જેમાં સી.જી. ટીમથી સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ અને ૧૨ વર્ષની ઉંમરે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ ઉપરાંત રેયાંશને ફર્સ્ટ સાઉથ એશીયન લાથી સ્પોર્ટસ ચેમ્પીયનશીપ-૨૦૨૩ પોંડીચેરીમાં તા. ૮-૯-૨૦૨૩ના થઇ હતી. જેમાં લાથી ફાઇટમાં સિલ્વર મેડલ અંડર ૧૪ - ૪૬ કિલો કેટેગરીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ સ્પર્ધામાં ભારત, શ્રીલંકા, નેપાલ, ભૂટાન અને બાંગ્લાદેશની ટીમોએ ભાગ લીધો હતો. આ સિદ્ધી બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના.

## શ્રી જી.કે.વરિષ્ઠ મંડળ ગોંદીયા દ્વારા શ્રી હનુમાન ચાલીસા પાઠ નું આયોજન



તા.૧૯ ઓગષ્ટ શનિવારના શ્રી ગુર્જર ક્ષત્રિય સમાજ ગોંદીયા ઘટકના સહયોગ થી શ્રી જી.કે.વરિષ્ઠ મંડળ દ્વારા સમાજ ભવનમાં શ્રી હનુમાન ચાલીસાનું આયોજન સાંજે ૦૪ વાગે કરવામાં આવ્યું.

જેમાં ગોંદિયા ઘટકના પ્રખ્યાત ગાયક શ્રી મિતેષ કરશનભાઈ પરમાર તથા તેમના સાથી કલાકાર ભાઈઓ દ્વારા સુમધુર ભજનોની સાથે હનુમાન ચાલીસાના ૧૧ પાઠ કરવામાં આવ્યા, આયોજનમાં વિશેષરૂપે શ્રી વિદર્ભ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર (બાલાઘાટ) ઉપસ્થિત હતા, તેમની સાથે ગોંદીયા ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રથિન્દ્રભાઈ રાઠોડ પણ ઉપસ્થિત થયા. આયોજન દરમ્યાન ગાયક શ્રી મિતેષભાઈ પરમારનું જી.કે.વરિષ્ઠ મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું. મંડળના સદસ્ય તથા ઝોનલ પ્રમુખ શ્રી



શિવલાલભાઈ શામજીભાઈ ટાંક દ્વારા પુષ્પગુચ્છ તથા નાળિયેર આપી મિતેશભાઈનું સન્માન કરવામાં આવ્યું, શ્રી જીતેન્દ્રભાઈ પરમારનું પણ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું, આયોજનને સફળ બનાવવા માટે મંડળના શ્રી સુરેન્દ્રભાઇ સોલંકી, શ્રી ડો. લિલાધરભાઈ રાઠોડ, શ્રી ચંદ્રકાંતભાઈ પુ. પરમાર, શ્રી કમલેશભાઈ શી. ચૌહાન, શ્રી અમૃતલાલભાઈ જ. વેગડ, શ્રી રશીકભાઈ જ. વેગડ, શ્રી કમલેશભાઈ હ. રાઠોડ દ્વારા અથક પ્રયાસ કરેલ તે સિવાય મંડળના પ્રો. શ્રી ચુન્નીલાલભાઈ ક. ચૌહાન, શ્રી હિંમતભાઈ ભ. રાઠોડ, શ્રી શરદભાઈ ધી. પરમાર, શ્રી લલિતભાઈ ચાવડા, શ્રી જયંતીભાઈ અ.વેગડ, શ્રી જીતેન્દ્રભાઈ જ. પરમાર, શ્રી દિલીપભાઈ પો. ટાંક, શ્રી વ્રજલલભાઈ રાઠોડ, શ્રી છગનભાઇ રાઠોડ તેમજ ઘટક મહિલા મંડળ, યુવક મંડળ અને સમાજના દરેક ભાઈ બહેનો નો આ આયોજન માટે સાથ સહકાર મળેલ હતો. અંતે મહાઆરતી બાદ મહાપ્રસાદ રાખવામાં આવેલ હતો સર્વે એ મહાપ્રસાદ ગ્રહણ કર્યા બાદ વિદાઈ લીધી.

# શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી મંદિર ચૌહાણ પરિવાર - કુકમા



ચૌહાણ પરિવાર - કુકમાના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સ્થાનક મધ્યે અશ્વિન નવરાત્રી ઉત્સવ અને હવનાષ્ટમીનું આયોજન તા. ૧૫/૧૦ થી ૨૪/૧૦ સુધી શ્રદ્ધાપૂર્વક કરવામાં આવેલ હતું. પ્રથમ નવરાત્રીએ ઘટ: સ્થાપન બાદ રોજ રાત્રે રાસગરબા, માતાજીની સ્તુતિ, છંદ બાદ પ્રસાદ વિતરણ કરવામાં આવેલ. મહિલા મંડળ દ્વારા વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવેલ હતું. તા. ૨૨/૧૦/૨૦૨૩ - હવનાષ્ટમીના રોજ હોમ-હવન, મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. માતાજીના પૂજારી શ્રી ચંદુલાલભાઇ ચૌહાણના હસ્તે નાળીયેર હોમેલ હતું. હવનવિધી કુકમા નિવાસી આચાર્ય શ્રી પુનીત મારાજએ સંપન્ન કરાવેલ હતી. મહાપ્રસાદના સહાયક દાતાશ્રી તરીકે વડોદરા નિવાસી શ્રી નિતેશભાઇ દયારામભાઇ ચૌહાણની સેવા મળેલ હતી. માતાજી સ્થાનકે ટાઇલ્સ કામ તથા રિનોવેશન કાર્યના રૂા.


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**

**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી

**ચેકઇન ટાઇમ :** સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭

૧૦ હજારથી વધુના દાતાશ્રીઓનું સન્માન પ્રમુખ શ્રી અનિલભાઇ ધનજીભાઇ ચૌહાણ તથા વડીલો ઉપપ્રમુખ શ્રી નવીનભાઇ કે. ચૌહાણ, મોહનલાલ કે. ચૌહાણ, રસીકલાલ પી. ચૌહાણ, વેલજીભાઇ એન. ચૌહાણ, ચમનલાલભાઇ એમ. ચૌહાણ, હરગોવિંદભાઇ એચ. ચૌહાણના હસ્તે કરવામાં આવેલ હતું. પુજારીશ્રી તથા ગોર મહારાજનું સેવા સન્માન મંડળ દ્વારા કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે યોજાયેલ ગોઠી ભાઇઓની સામાન્ય સભામાં ગત વર્ષના હિસાબોની રજુઆત કોષાધ્યક્ષ શ્રી રાજભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતી. જેને ઉપસ્થિત સૌ ગોઠી ભાઇઓ દ્વારા બહાલી આપવામાં આવેલ હતી. મંત્રી શ્રી ઉમેશભાઇ પી. ચૌહાણે વર્ષ દરમ્યાન થયેલ કાર્યનો વિસ્તૃત અહેવાલ આપેલ હતો સાથે મંડળના એકાઉન્ટને ગુગલ પે બિઝનેસ સાથે લીંક કરાવીને અનુદાન માટે સરળતા ઉભી કરવા બદલ અંકિતભાઇ એ. ચૌ!ાણનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

પ્રમખુ સ્થાનેથી શ્રી અનિલભાઇ ચૌહાણે ગોઠી ભાઇઓ તરફથી મળતા સુંદર સાથ સહકાર બદલ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરેલ હતો. આસો નવરાત્રી દરમ્યાન વિવિધ સ્પર્ધાઓના સુંદ્ર આયોજન બદલ મહિલા મંડળની સમગ્ર ટીમને અભિનંદન આપેલ હતા. પ્રમુખશ્રી દ્વારા આગામી યોજનાઓમાં (૧) પ્રસાદાલયના ઉપરના માળે આર.સી.સી. સ્લેબ અથવા તો પત્રાના શેડની જરૂરીયાત મુજબ કારોબારી સમિતિને જરૂરીયાત મુજબ આગળ વધવાની મંજુરી (૨) માતાજીના નૈવેધ ધરાવવાના પાટલા પર ચાંદીનું વરખ મઢાવવું (૩) માતાજી સ્થાનકે સોલર રૂફટોપ લગાડવા અંગે... આ ત્રણેય યોજનાઓ માટે સ્થળ પર જ પાટલા પર ચાંદીના વરખ મઢાવવા માટે શ્રી રવિન્દ્રભાઇ રતિલાલભાઇ ચૌહાણ – ગાંધીધામ દ્વારા એક કિલો ચાંદી, શ્રી રમેશભાઇ શિવજીભાઇ ચૌહાણ – ભુજ દ્વારા ૫૦૦ ગ્રામ ચાંદી, શ્રી હેમલભાઇ હરીશભાઇ ચૌહાણ – કલ્યાણ દ્વારા મજુરીકામ ખર્ચ, શ્રી હરગોવિંદભાઇ હેમરાજભાઇ ચૌહાણ – કુકમા દ્વારા બે પાકાના લાકડાના પાટલા, સોલાર રૂફટોપ માટે શ્રી ચમનલાલ માધવજીભાઇ ચૌહાણ – માધાપર દ્વારા રૂા. ૧,૨૫,૦૦૦/-, શ્રી અનિશભાઇ જાદવજીભાઇ ચૌહાણ – આદીપુર દ્વારા રૂા. ૫૧,૦૦૦નું અનુદાન જાહેર કરવામાં આવેલ હતું. વિશેષમાં શ્રી નિશાબેન દેવેન્દ્રભાઇ ચૌહાણ (વડોદરા) દ્વારા રૂા. ૫૧,૦૦૦, શ્રી રાજેશભાઇ હરિલાલભાઇ ચૌહાણ (ભુજ) દ્વારા રૂા. ૨૫,૦૦૦ના મળેલ અનુદાન બદલ આભાર વ્યક્ત કરેલ હતો. સમગ્ર આસો નવરાત્રીનું આયોજન પ્રમુખ શ્રી



અનિલભાઇ ચૌહાણના માર્ગદર્શન હેઠળ સહમંત્રી શ્રી વિપુલભાઇ સી. ચૌહાણ, કોષાધ્યક્ષ શ્રી રાજભાઇ સી. ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રી શીતલબેન એન. ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી જ્યોતિબેન એ. ચૌહાણ, મંત્રી શ્રી રિંકુબેન આર. ચૌહાણ, અંકિતભાઇ એ. ચૌહાણ, મનોજભાઇ જે. ચૌહાણ, પંકજભાઇ આર. ચૌહાણ, વિનોદભાઇ આર. ચૌહાણ, રવિલાલભાઇ જે. ચૌહાણ, સુરેશભાઇ કે. ચૌહાણ, વિનોદભાઇ એમ. ચાહાણ, હિતેનભાઇ બી. ચૌહાણ તથા કાર્યકર્તાઓએ વ્યવસ્થા સંભાળેલ હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી ઉમેશભાઇ ચૌહાણે કરેલ હતું.

## :: નવા આજીવન સભ્યો ::

(૧) LM - ૬૧૮૯ - અશોકભાઇ હરીભાઇ ચાવડા - સામગઢ
(૨) LM - ૬૧૯૦ - સુકુમાર પરમાર - રાંચી
(૩) LM - ૬૧૯૧ - મયુર હસમુખભાઇ રાઠોડ - નાસીક
(૪) LM - ૬૧૯૨ - સુશાંત સુધીર પરમાર - નાગપુર
(૫) LM - ૬૧૯૩ - હાર્દિક ક્રિષ્નાભાઇ ચૌહાણ - અંજાર
(૬) LM - ૬૧૯૪ - વિમલ પ્રવિણભાઇ ચૌહાણ - કુકમા
(૭) LM - ૬૧૯૫ - બાબુલાલ શિવલાલ પઢિઆર - અંજાર
(૮) LM - ૬૧૯૬ - હેમંતભાઇ અમૃતલાલ રાઠોડ - વડોદરા
(૯) LM - ૬૧૯૭ - મનોજભાઇ વલમજીભાઇ ટાંક - રાયપુર
(૧૦) LM - ૬૧૯૮ - અજય બલરામ રાઠોડ - અમદાવાદ
(૧૧) LM - ૬૧૯૯ - ભાર્ગવ કાંતિલાલ પરમાર - વડોદરા
(૧૨) LM - ૬૨૦૦ - સમીર બીપીનભાઇ ગોહીલ - રાજકોટ
(૧૩) LM - ૬૨૦૧ - કાર્તિક હરીશભાઇ ચૌહાણ - અમદાવાદ
(૧૪) LM - ૬૨૦૨ - કિશોર પરસોત્તમભાઇ વરૂ - વડોદરા
(૧૫) LM - ૬૨૦૩ - જયસુખ માવજી ખોડિયાર - રાયપુર
(૧૬) LM - ૬૨૦૪ - કમલકુમાર ટાંક - રાયગડા
(૧૭) LM - ૬૨૦૫ - દેવેન્દ્રકુમાર સાવરીયા - બાકુરા
(૧૮) LM - ૬૨૦૬ - રિષિ લલીતભાઇ ટાંક - ઔરંગાબાદ
(૧૯) LM - ૬૨૦૭ - ઇશ્વરલાલ દેવરામભાઇ વાઢેર - સિનુગ્રા
(૨૦) LM - ૬૨૦૮ - હર્ષિત મુકેશભાઇ પરમાર - અંજાર
(૨૧) LM - ૬૨૦૯ - પ્રમોદભાઇ બી. ચૌહાણ - ભીલાઇ
(૨૨) LM - ૬૨૧૦ - મનિષભાઇ નાનાલાલ ખોડિયાર - અંજાર
(૨૩) LM - ૬૨૧૧ - મનિષ ભવાનજીભાઇ વાઘેલા - વડોદરા

# શ્રી ક. ગુ. ક્ષ. સમાજ કુકમા ઘટક તથા શ્રી કુકમા ગામ નૂતન પ્રવેશદ્વાર નિર્માણ સમિતિ દ્વારા કુકમા ગામે ગ્રામજનો ના દાન દ્વારા નિર્મિત બે પ્રવેશદારોનું લોકાર્પણ કરાયું

આજરોજ કુકમા ગામે ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળ તથા શ્રી કુકમા ગામ નુતન પ્રવેશ દ્વાર નિર્માણ સમિતિ દ્વારા સમાજના તથા ગામના ઈતર સમાજના દાન દાતાશ્રીઓના સહકારથી રૂપિયા ૨૦ લાખના ખર્ચ વડે નિર્મિત બે પ્રવેશદ્વારો જેમાં કુકમાની આધ્યાત્મિક ધરોહરના પ્રહરી એવા આપણા સમાજના પરમ વંદનીય, નિવૃતિ આશ્રમના સ્થાપક બ્રહ્મલીન ગરીબદાસજી મહારાજ પ્રવેશદ્વાર તથા કુકમા સમાજના જ્ઞાતિરત્ન, ગામમા પોતાના સ્વબડે અને પોતાના આર્થિક સહાયવડે સમાજવાડી, ત્રણ તળાવો, તળાવની આવ,ધર્મશાળાનું નિર્માણ કરાવનાર, કન્યા કેળવણી માટે વિધાલયનું નિર્માણ કરાવી અને લાંબા સમય સુધી સંચાલન કરી, ઉત્તમ જ્ઞાતિ સેવાના ભેખધારી, સંતસમાન સ્વ. ઘેલાભાઈ પચાણભાઈ પરમાર પ્રવેશદ્વારના લોકાર્પણનો કાર્યક્રમ, સમાજના સમાજરત્ન શ્રી વિનોદભાઈ પી. સોલંકીની પ્રેરક ઉપસ્થિતિમાં આનંદ અને ઉત્સાહથી આયોજિત કરવામાં આવેલ. આરંભમાં બંન્ને પ્રવેશદ્વારોની શાસ્ત્રોક્ત પુજનવિધી બ્રહ્મદેવોના મંત્રોચાર વડે સંપન્ન થયા બાદ નિવૃત્તી આશ્રમ કુકમાના રૂ. ૫૦૦૦૦૦ /- લાખ રૂપિયાની માતબર રકમના દાન દ્વારા નિર્મિત સંત શ્રી ગરીબદાસજી પ્રવેશદ્વારનું લોકાર્પણ નિવૃત્તી આશ્રમના મહંત વાસુદેવ દાસજી ગુરૂ ભાણદાસજીના કરકમલો દ્વારા અને ઘેલાભાઈ પચાણ પરમાર પ્રવેશદ્વારનું લોકાર્પણ સમાજરત્ન શ્રી વિનોદભાઈ સોલંકીજી, અંજાર મતવિસ્તારના ધારાસભ્યશ્રી ત્રિકમભાઈ છાંગા, ઘટક પ્રમૂખ શ્રી હરગોવિંદભાઈ ચૌહાણ, સરપંચ રસીલાબેન રાઠોડ, તાલુકા પંચાયત સભ્ય જયનેશભાઈ વરુ અને ઉપસ્થીત મહાસભા, કચ્છ પ્રા. સમિતિ, વિવિધ ઘટકોના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં સમાજ ભાઈઓ અને બહેનોની ઉપસ્થિતિમાં આનંદ અને ઉત્સાહથી પુર્ણ કરવામાં આવેલ.

નિવૃતિ આશ્રમ ભોજનાલય ખાતે આયોજિત દાતાશ્રીઓના સન્માનનો કાર્યક્રમ ઘટક પ્રમુખશ્રીના પ્રમુખ સ્થાને આયોજિત કરવામાં આવેલ જેમાં આ સાથે જણાવેલ લિસ્ટ મુજબના રૂ.૧૧૦૦૦/- કે તેથી વધુનું દાન આપનાર દાતાશ્રીઓને ઉપસ્થિત સમાજના તથા પધારેલ મહેમાનોના વરદ હસ્તે ફૂલહાર અને શાલ ઓઢાડી સન્માનીત કરવામાં આવેલ. નિવૃત્તિ આશ્રમ ભોજનાલયના વિશાળખંડમાં સત્કાર સમારંભમાં ઉપસ્થિત તમામ મહેમાનો અને દાન દાતાશ્રીઓ નું શાબ્દિક સ્વાગત સમિતિ ના ખજાનચી શ્રી અનિલભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ ત્યારબાદ રૂપિયા પાંચ લાખનું દાન જાહેર કરનાર નિવૃત્તિ આશ્રમના મહંત વાસુદેવદાસજી તથા ટ્રસ્ટી શ્રી વેલજીભાઈ ભુડીયાનું સાલ તથા ફુલહારથી, સમાજરત્નશ્રી, ઘટક પ્રમૂખશ્રી અને કન્વિનરશ્રી દ્વારા સન્માન કરવામાં આવેલ, રૂપિયા બે લાખનું દાન જાહેર કરનાર શ્રી રામજીભાઈ ગોવિંદભાઇ ચાવડા અને સુપુત્ર અરવિંદભાઈનું પણ ફૂલહાર અને સાલ વડે પ્રમુખશ્રી દ્વારા સન્માન કરવામાં આવેલ બાદ પધારેલ અંજાર મતવિસ્તારના ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ છાંગા અને તાજેતરમાં ભુજ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પદે વરણી પામેલ પ્રવિણાબેન રતિલાલભાઈ રાઠોડ - માધાપરનું ઘટક પ્રમુખશ્રી અને સમાજરત્નશ્રી દ્વારા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. રૂ.૫૧૦૦૦/-નું દાન આપનાર અને આજના કુકમા સમાજના મહાપ્રસાદના પણ મુખ્ય દાતાશ્રી એવા આપણા લાડીલા સમાજરત્ન શ્રી વિનોદભાઈ પી. સોલંકીજી નુ પ.પૂજ્ય વાસુદેવદાસજી મહારાજ તથા પધારેલ મહેમાનો દ્વારા સન્માન કરવામા આવેલ અને ત્યારબાદ ક્રમશઃ ૧૧,૦૦૦ સુધીના દાનદાતાઓના, ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ફૂલહાર અને સાલ વડે સન્માન કરવામાં આવેલ.

સભાને આશીર્વચન આપતા સંત શ્રી વાસુદેવદાસજી મહારાજએ આવા સદ્ઉપયોગી કાર્યો માટે ઘટકના પ્રમુખ અને પદાધિકારીઓને અભિનંદન આપી,સમાજ દ્વારા કરવામા આવી રહેલ આવી પ્રવૃત્તિઓ માટે સમગ્ર સમાજને પોતાના આશીર્વાદ આપેલ. સમાજરત્ન શ્રી વિનોદભાઈ સોલંકી જીએ પણ કુકમા ઘટકની આવી પ્રવૃત્તિઓને બિરદાવી અને સમાજના જરૂરતમંદ પરિવારોને ઉપયોગી કાર્યો માટે જ્યારે પણ જરૂર જણાય પોતાના તરફથી આર્થિક મદદની ઓફર કરેલ. અંજાર વિસ્તારના ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ છાંગા એ પણ કુકમા ઘટકની આવી પ્રવૃત્તિઓ અંગે સંતોષ વ્યક્ત કરી કુકમા કે.જી.રાઠોડ સ્કુલના પોતાના અભ્યાસ દરમિયાન ની યાદોને તાજીકરી ગામના કે સ્કુલના કોઈપણ કામો માટે પોતાની સેવા આપવા ખાત્રી આપેલ.શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના વરિષ્ઠ ઉપાધ્યક્ષ શ્રી વિનોદભાઈ જેઠવા એ મિસ્ત્રી સમાજના આવા સેવાકીય યોજનાનોની વાતો કરી કુકમા ઘટકની આવી પ્રવૃત્તિઓ અંગે સંતોષ વ્યક્ત કરેલ અને સમાજ મહાસભા વતી ઘટકના પદાધિકારીઓનું સાલ ઓઢાડી સન્માન કરેલ, ઘટક પ્રમુખશ્રી હરગોવિંદભાઈએ બંને પ્રવેશદ્વારો માટે દાન આપનાર તથા આ કાર્ય માટે ઉપયોગી થનાર સમાજરત્ન શ્રી અને તમામ ભાઈઓનો આભાર વ્યક્ત કરેલ અને સામાજિક ઉત્થાનના આવા કાર્યોમાં ભવિષ્યમાં પણ સાથ સહકાર આપવા અપીલ કરેલ.સમિતિના કન્વીનર શ્રી મોહનભાઈ ચૌહાણ એ શરૂઆતથી ઉદઘાટન દરમિયાનની પ્રગતિનો અહેવાલ આપેલ અને દાન દાતાઓના સહકાર બદલ આભાર ની લાગણી વ્યક્ત કરેલ. મંડળના ખજાનચી શ્રી અનિલભાઈ ચૌહાણ દ્વારા બંને નાકા નિર્માણ માટે થયેલ આવક અને ખર્ચનો વિગતવાર હિસાબ રજૂ કરવામા આવેલ.

આજના આ કાર્યક્રમમાં અગ્રણીઓ શ્રી જયનેશભાઈ વરુ, સરપંચ રસીલા બેન રાઠોડ, સમાજ મહાસભાના વિનોદભાઈ ચૌહાણ, વિનોદભાઈ ખોડીયાર, પુષ્પાબેન ટાંક, આહિર સમાજના અગ્રણી દેવજીભાઈ, યુવા મંડળના પ્રમૂખ ઉત્તમ રાઠોડ, મહિલા મંડળના શોભનાબેન ટાંક બહોળી સંખ્યામાં સમાજ અને ઈતર સમાજના ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખજાનચી શ્રી અનિલભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ અને કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજ યુવક મંડળના પ્રમુખ ઉત્તમ એસ રાઠોડ તથા યુવાનો અને મહિલા મંડળના શોભનાબેન ટાંક અને બહેનો, અને અન્ય ભાઈઓએ જય મત ઉઠાવેલ. કાર્યક્રમ પુર્ણ થયા બાદ જ્ઞાતિ મહાપ્રસાદ આયોજિત કરવામાં આવેલ જેનો પણ મોટી સંખ્યામાં જ્ઞાતિ ભાઈ બહેનો ઉપસ્થિત રહેલ. આ કાર્યમાં તન, મન, ધનથી સહયોગ આપનાર સૌ દાનદાતા શ્રીઓ નો હ્રદયપુર્વક ધન્યવાદ.

# ચૌહાણ પરિવાર કુંભારિયા દ્વારા આસો સુદ-૯ના માતાજી સ્થાનકે હવન કર - મહાપ્રસાદનો કાર્યક્રમ યોજાયો



આ વર્ષે આસો સુદ નવરાત્રિ તારીખ ૧૫-૧૦-૨૦૨૩ થી ૨૪-૧૦-૨૦૨૩સુધી હતી. આ વર્ષે માતાજી ના સ્થાનકમાં ઘણા બધા ફેરફાર કરવાના હતા જેના માટે હિતેશભાઇ ચૌહાણે સ્થાનકના ટ્રસ્ટી શ્રી નટવરભાઇ ચૌહાણને વાત કરેલ કે મંદિરમાં ઘણા ફેરફાર તેમજ સુધારા વધારા કરવાના છે, તેના માટે લગભગ એક લાખ જેવા ફંડની જરૂર પડશે. ટ્રસ્ટી શ્રી નટવરભાઈ દ્વારા સ્થાનકમાં જે કઈ કાર્ય કરવું છે તે કરવાની મંજુરી આપી અને ફંડની ચિંતા ના કરવા કહ્યું.

તેમના આશ્વાસનથી શ્રી હિતેશ ભાઈ ચૌહાણ, શ્રી કૃષ્ણકાંત ચૌહાણ, શ્રી ચંદ્રેશભાઈ ચૌહાણ, શ્રી જિતેન્દ્રભાઈ ચૌહાણ, શ્રીમતી સવિતાબેન ચૌહાણ તેમજ તેમની કર્મઠ ટીમ દ્વારા ભેગા મળીને માતાજીના કાર્યનો આરંભ કર્યો.

માતાજીના આ કાર્યમાં ઘણા બધા ગોઠી ભાઈ-બહેનોની આર્થિક મદદ મળી. સૌના સહકારથી આસો સુદ નોમ તારીખ ૨૩-૧૦-૨૦૨૩ના રોજ નવરાત્રિની તૈયારી રૂપે આ વર્ષે માતાજીના સ્થાનકની છત પર પાણી લીકિજ ના થાય તે માટે વોટર પ્રુફીંગ કરાવ્યું. રસોડામાં કોટા લગાવડાવ્યા. સુથારને બોલાવી બારી-દરવાજા વ્યવસ્થિત કર્યા. પ્રસાદ લેવા તેમજ બનાવવા માટે જરૂરિયાત મુજબ વાસણની ખરીદી કરવામાં આવી. પ્લંબર કાર્ય, સ્ટોર રૂમ ના કાર્યે તેમજ કલર કામ જેવા કાર્ય પૂર્ણ કર્યા.

સ્થાનકની સામે ઘણા સમયથી ઉગેલ બાવડ તેમજ મલબાના કારણે ઘણા બધા જીવજંતુનો ઉપદ્રવ હતો, તેમજ દર્શન કરવા સ્થાનક સુધી જવા તકલીફ પડતી હતી. તપાસ કરતાં જાણવા મળ્યું કે તે જગ્યા આપના ગોઠીભાઈઓની જ છે તેમની સાથે વાત કરતા ઉદાર દિલે દાતાશ્રી પ્રેમજીભાઇ રામજીભાઇ ચૌહાણ (હાલ મુકામ નાશિક) તેમજ પ્રેમજીભાઇ બેચરભાઈ ચૌહાણ ગોઠીભાઈઓ એ માતાજીના કાર્ય માટે સાફ સફાઈ કરી વાપરવા માટે મંજૂરી આપેલ. આવા ઉદાર દિલ દાતા શ્રી તેમજ તેમના પરિવારનો અત્રેથી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ. આ બધા કાર્ય કરવા માટે આપણે દાન-દાતાશ્રીઓ તરફથી સારું એવું યોગદાન મળેલ અને સુચારુરૂપે આ કાર્ય પૂર્ણ કરી શક્યા છીએ. દાન દાતાશ્રીઓની યાદી, આવક-જાવકનો હિસાબ ચૌહાણ ગોઠી ભાઈ બહેનોના વોટ્સએપ ગ્રુપ માં પોસ્ટ કરેલ છે. જેમાં જે દાન દાતાશ્રીઓની જાણકારી આવેલ તે મુજબ રૂ. ૨,૫૫,૬૭૭/- જેટલી આવક થયેલ તેની સામે આપણે ૨ લાખ જેટલા ફંડનો ઉપયોગ કર્યો. હાલમાં ૫૫ હજાર રૂપિયા જેટલું ફંડ માતાજીના અકાઉંટમાં જમા છે.

આસો સુદ નોમ ૨૩-૧૦-૨૦૨૩ સોમવારના વહેલી સવારે સમયસર મહારાજ તેમજ હવનના યજમાનશ્રીઓ શ્રી કૃષ્ણકાંત ગુણવંતભાઈ ચૌહાણ (અંજાર), શ્રી પરેશ ગોવિંદભાઈ ચૌહાણ (રાજકોટ), શ્રી પંકજભાઈ કલ્યાણજીભાઈ ચૌહાણ (ઇંદૌર) એમ ત્રણ પરિવાર દ્વારા હવનનો લાભ લીધેલ. હવનનું નારિયળ ૧૨:૩૦ વાગે સમયસર હોમયેલ. માતાજી સમક્ષ છંદ, સ્તુતી આરતી કરેલ તેમજ સમૂહ નૈવેદની પ્રસાદી ધરાવેલ અને પ્રસાદી સ્વરૂપ આવેલ નારિયલ વધારેલ.

આ વર્ષે દુર્ગ થી આવેલ શ્રી ચિન્મય રણજીતભાઈ ચૌહાણનાં પુત્ર ચી. તન્મયના કર હોવાથી તેમના પુત્ર દ્વારા માતાજીને કર સ્વરૂપે પ્રસાદી માતાજી ભાવપૂર્ણ ધરાવેલ. હવન થઈ ગયા બાદ રાજકોટથી પધારેલ શ્રી પરેશભાઇ ચૌહાણ



(રાજકોટ) દ્વારા માતાજીના સ્થાનકમાં થયેલ દરેક કાર્યો વિષે વિસ્તૃત માહિતી આપી તેમજ હવે પછી કરવાના પ્રોજેક્ટ વિષે માહિતી આપી હતી. દરેક પ્રોજેકટ સૌના સાથ સહકારથી પાર પાડી શકીશું તેવું જણાવ્યું હતું.

હજી આપણે માતાજીના સ્થાનક સામે પ્લોટ સાફ કરેલ છે તે જમીન જો ગોઠીભાઈ આપના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના કાર્ય માટે માતાજીને નામે કરવા માટે પરિવાર આપશે તો આપણે ત્યાં ચારે તરફ દીવાલ કરી બહારથી માતાજીનાં દર્શનાર્થે પધારતા ગોઠી ભાઈ બહેનો માટે રૂમ, રસોડા કે હોલ વગેરે બનાવવાની યોજના છે અને આપણે સૌ સાથે મળીને માતાજીના દરેક પ્રસંગો ખુબ ધામધુમ થી ઉજવી શકીશું. ટ્રસ્ટી મંડળ અને સામાન્ય સભા પરવાનગી આપે તે પ્રમાણે આગળની યોજના

કરવાનું નક્કી કરવામાં આવ્યું. હાલ તેના માટે આપણે દર મહિને માતાજીના કાર્યો માટે પ્રતિ ગોઠી ભાઈ બહેનો દ્વારા પ્રતિ માસ ફક્ત રું ૧૦૦/- જમા કરવા એટલે કે વર્ષે ફક્ત ₹/-૧૨૦૦ થાય તેમ જો દરેક પરિવાર આટલું નાનું અનુદાન પણ આપે તો આપણે માતાજીના ઘણા બધા કાર્યો થઈ શકે અને માતાજીના સ્થાનકમાં થતાં પ્રોગ્રામો હજી વધુ ધામધૂમથી ઉજવી શકીશું. સ્થાનિક કે હાજર રહી શકે તેવા દરેક ગોઠી ભાઈ-બહેનો દર ત્રણ મહિને એક નક્કી કરેલી તારીખ અને વારે માતાજીના સ્થાનકમાં આવી સ્થાનકની સાફ સફાઈ માટે શ્રમદાન કરવું અને સમૂહ પ્રસાદ લેવાનું સૂચન કરતા પધારેલ સર્વે ગોઠીભાઈ હાથ ઊંચા કરેલ અને દર ત્રણ મહિને એકવાર ભેગા થવાનું સર્વ સંમતિ થી નક્કી કરવામાં આવ્યું. મિટિંગમાં શ્રી ગુણવંતભાઈ ચૌહાણ , શ્રી હિતેશભાઈ ચૌહાણ તેમજ શ્રીમતી સવિતાબેન ચૌહાણે પણ ચર્ચામાં ભાગ લીધેલ અને પોતાના સૂચન સૂજાવ આપેલ. મિટિંગ પૂર્ણ થઈ ગયા બાદ સૌ ગોઠીભાઈ સમૂહ પ્રસાદ લીધેલ અને માતાજીના દર્શન થી કૃતજ્ઞ થઈ સૌ ભાવથી છૂટા પડ્યા હતા.

# હાજાપર મુકામે પરમાર પરિવારના કુળદેવી સ્થાનકે હોમહવન યોજાયો



હાજાપર, તા.ભુજ, કચ્છમાં પર્વતની ગિરિમાળા તરીકે પ્રખ્યાત લકી ડુંગરોની લીલીછમ હરિયાળી પ્રકૃતિની ગોદમાં બિરાજેલ પરમાર પરિવારના કુળદેવી પીઠળ માતાજી મંદિર પરિસરમાં હવનાષ્ટિમી નિમિત્તે હોમ હવન સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે માતાજીને પૂજા-અર્ચના ફૂલ વસ્ત્ર અલંકારોથી શણગાર કર્યા બાદ હવનનો વિધિવત પ્રારંભ પરમ પૂજ્ય અશ્વિન મહારાજે શાસ્ત્રોક્ત વિધિથી મંત્રોચ્ચાર સાથે કરેલ હતો. હવન નિમિતે ૭ નવ દંપતી બિરાજ્યા હતા. બપોરે ૧૨.૦૦ કલાકે ગોઠી ભાઈઓની ઉપસ્થિતિ માં શ્રીફળ હોમવામાં આવેલ હતું. ૧૨.૩૦ મહાઆરતીના સંગાથે બહેનોએ રાસ ગરબાની રમઝટ બોલાવી પરિસર ભક્તિમય બન્યું હતું. મંદિર પરિસરમાં ગોઠી ભાઈઓની વિરાટ હાજરી વચ્ચે બ્રહ્મકુમાર બાબુભાઈ પરમારે શાબ્દિક સ્વાગત કરીને પરિસરમાં યોજાયેલ બેઠકમાં પરિસરમાં હાથ ધરનાર વિકાસકામોને બહાલી આપવામાં આવી હતી. જેમાં પરિસરને લાગુની જમીન મેળવવાની કાર્યવાહી કરવા, પરિસર સુંદર સુવિધાયુક્ત બને તે માટેના આનુષંગિક કામો કરવાના ખર્ચને બહાલી આપવામાં આવી હતી, પીઠળ માતાજી મંદિર કમિટીના ખજાનચી રોહિત પરમાર દ્વારા વાર્ષિક હિસાબો રજૂ કરેલ હતા અને તેને બહાલી આપવામાં આવી હતી, સાથે રોહિત પરમારનો જન્મદિવસ હોતાં ધીરજલાલ પરમારે સાલ મોમેન્ટ આપી વિશિષ્ટ સન્માન કરેલ હતું, આ પ્રસંગે તાજેતરમાં દિવંગત થયેલ ગોઠીભાઈ-બહેનોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, સાથે મહા સુદ-૨ ના ધાણેટી મુકામે સુરાપુરા દાદાની પેડી નિમિતે ગોઠી ભાઈઓ ઉપસ્થિત રહે તે માટે જાગૃતિ કેળવવા ઉપર ભાર મૂકવામાં આવેલ હતો. આ




Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

**SERVICES**

- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

**CONTACT**

MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

પ્રસંગે શ્રેષ્ઠીઓએ દાનની સરવાણી વહેતી મૂકી હતી, તેમનું શબ્દોથી સત્કાર કરવામાં આવેલ હતો. આ પ્રસંગે કમિટીના પ્રદીપ પરમાર, સંજયભાઈ પરમાર, હરીશ પરમાર, મહેશ પરમાર, રમેશ પરમાર, જીતેન્દ્ર પરમાર, લીલાધર પરમાર, રાજુભાઇ પરમાર, તેમજ સૌ હોદેદારો-ભક્તો ઉપસ્થિત રહી સૂચનો સાથે સૌનો આભાર માની સઘળી વ્યવસ્થા સંભાડેલ હતી.

# શ્રી બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - રેહા



ચૌહાણ પરિવાર - રેહાના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સ્થાનક મધ્યે આશ્વિન નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રથમ નોરતે માતાજીના ભુવાશ્રી અમરશીભાઇ ભીમજીભાઇ ચૌહાણ તથા શ્રીમતી રૂક્ષ્મણીબેનના હસ્તે ઘટ: સ્થાપન કરવામાં આવેલ હતું. રોજ રાત્રે સમાજના પરિવારો દ્વારા રાસગરબાનું આયોજન કરવામાં આવેલ હતું. નવરાત્રી દરમિયાન કચ્છ અને બહારથી દર્શનાર્થે અને કર/નૈવેધ કરવા પધારેલ ગોઠી પરિવારોની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ હતી. તા. ૨૨/૧૦/૨૦૨૩, આસો સુદ-૮ના હવનાષ્ટમી પ્રસંગે મહાસભાના દાતા સ્વ. માવજીભાઇ ચૌહાણ - હૈદ્રાબાદના સુપુત્રો સ્વ. વસંતલાલભાઇ, સ્વ. ધીરજલાલભાઇ તથા શ્રી રમેશલાલભાઇ ચૌહાણ પરિવારના યજમાન પદે હોમ-હવન, મહાઆરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે પરિવારના પ્રમુખશ્રી મોહનલાલભાઇ હીરજીભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને આયોજીત ગોઠી ભાઇઓની મીટીંગમાં મંત્રી શ્રી વિનોદભાઇ ચૌહાણે વાર્ષિક હિસાબો રજુ કરી સ્થાનક વહીવટનો અહેવાલ આપેલ હતો તેમજ શ્રી વિનોદભાઇની અપીલને માન આપી સમાજ ભવનમાં લગાડવા માટે ૨૪ પંખાઓ ચૌહાણ પરિવારના દાતાશ્રીઓએ ત્વરિત દાનમાં નોંધાવેલ હતા. શ્રી તૃષારભાઇ ચૌહાણ - વડોદરા, શ્રી પ્રદિપભાઇ ચૌહાણ - નાગપુર, શ્રી અરૂણભાઇ ચૌહાણ - ગાંધીધામ તરફથી ચૌહાણ પરિવારના વસ્તી પત્રક અને ફંડ રોકાણ બાબતે ઉપયોગી સુચનો કરવામાં આવેલ હતા. હવનવિધી બાદ માતાજીના ભુવા દંપતિશ્રી, હવનવિધી કરાવનાર આચાર્ય શ્રી જનકભાઇ દવે, મહાપ્રસાદ તથા મહાઆરતી દાતાશ્રી પરિવાર ઉપરાંત સ્થાનક નિર્માણના મુખ્ય સહયોગી રહેલા રાયપુર નિવાસી સ્વ. નાનાલાલભાઇ જગમાલ ચૌહાણના સુપુત્ર શ્રી રીતેશભાઇ ચૌહાણ દંપતિ અને દાતાશ્રી પ્રદિપભાઇ ચૌહાણ - નાગપુરનું સન્માન કરવામાં આવેલ હતું. સ્વ. ગજેન્દ્રભાઇ દેવજીભાઇ ચૌહાણની સ્મૃતિમાં તેમના સુપુત્ર શ્રી વિકાસભાઇ ચૌહાણ તરફથી રૂા. ૫૧૦૦૦/- ની ભેટ મળેલ હતી. બપોર બાદ કાંબી છોડવાનો વિધી પણ કરવામાં આવેલ હતો. મહાપ્રસાદનું આયોજન સમાજરત્ન સ્વ. હીરજીભાઇ ખીમજીભાઇ ચૌહાણ સમાજ ભવન મધ્યે કરવામાં આવેલ જેમાં ૯૦૦ જેટલા ગોઠી ભાઇ-બહેનોએ પ્રસાદ ગ્રહણ કરેલ હતો. મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા સેવાભાવી ભાઇઓ શ્રી દિનેશભાઇ ચૌહાણ, શ્રી ભુપતભાઇ ચૌહાણ, શ્રી મિતેશભાઇ ચૌહાણ, શ્રી દિલીપભાઇ ચૌહાણ, શ્રી સુનિલભાઇ ચૌહાણ, શ્રી વિમલભાઇ ચૌહાણ, શ્રી રોમેક્ષભાઇ ચૌહાણ તથા યુવા કાર્યકરોએ દર વર્ષની જેમ આ વર્ષે પણ સફળતા પૂર્વક સંભાળેલ હતી. આયોજન વ્યવસ્થામાં હોદ્દેદારો શ્રી બાબુભાઇ ચૌહાણ, શ્રી નવિનભાઇ ચૌહાણ, શ્રી સોમનભાઇ ચૌહાણ, શ્રી પ્રકાશભાઇ ચૌહાણ, શ્રી દિનેશભાઇ ચૌહાણ, શ્રી શાંતિલાલભાઇ ચૌહાણ, શ્રી ત્રંબકલાલ ચૌહાણ, શ્રી કપિલભાઇ ચૌહાણ, શ્રી જીતેશભાઇ ચૌહાણ તથા ભુવાશ્રી પરિવારના વિનોદભાઇ, હરીશભાઇ, સંજયભાઇ અને પરિવારના વરીષ્ઠ વડીલ શ્રી અમરશીભાઇ ચૌહાણ (ભગત)એ સંભાળેલ હતી. સંચાલન શ્રી રમેશભાઇ આર. ચૌહાણે કરેલ હતું.


Hemraj Damji Solanki
Ketan H. Solanki (B.Arch.)
Samir H. Solanki (B.E.)

098221 17126
098226 67940
097654 82266

M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)




M/s. SAMEER TRADERS (Agencies House)

3rd DIMENSION (Architect & Engineers)

D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365

# અનંતની યાત્રાએ...



અંજાર નિવાસી શ્રી પ્રફુલચંદ્રભાઇ પરસોત્તમભાઇ પઢિઆર (ઉ.વ.૭૦)નું તા. ૧૯-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (ખંભરા) નિવાસી શ્રી રમણીકલાલભાઇ વલમજીભાઇ ચાવડા (ઉ.વ.૭૧)નું તા. ૦૧-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી ગં.સ્વ. મટુબેન નરશીભાઇ ખોડિયાર (ઉ.વ.૯૦)નું તા. ૦૨-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (સિનુગ્રા) નિવાસી શ્રી ચંદુલાલભાઇ મોરારજીભાઇ ટાંક (ઉ.વ.૮૫)નું તા. ૦૨-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (ખંભરા) નિવાસી ગં.સ્વ. બચુબેન દયારામભાઇ ટાંક (ઉ.વ.૯૬)નું તા. ૦૭-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી ગં.સ્વ. બચુબેન મોહનભાઇ ખોડિયાર (ઉ.વ.૭૫)નું તા. ૦૮-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (કુંભારીયા) નિવાસી શ્રી દિનેશભાઇ રવજીભાઇ જેઠવા (ઉ.વ.૬૫)નું તા. ૧૪-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (સિનુગ્રા) નિવાસી શ્રીમતી મધુબાલાબેન કાંતિલાલ રાઠોડ (ઉ.વ.૭૫)નું તા. ૧૩-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.




અંજાર નિવાસી ગં.સ્વ. કાન્તાબેન શાંતિલાલ વેગડ (ઉ.વ.૮૩)નું તા. ૧૬-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.




અંજાર નિવાસી શ્રીમતી નયનાબેન નરભેરામભાઇ રાઠોડ (ઉ.વ.૫૯)નું તા. ૧૬-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (નાગલપર) નિવાસી શ્રી વાલજીભાઇ અમરશીભાઇ રાઠોડ (ઉ.વ.૮૨) નું તા. ૨૦-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.




માધાપર (હાજાપર) નિવાસી શ્રી કાંતિલાલભાઇ કરસનભાઇ પરમાર (ઉ.વ.૮૫)નું તા. ૧૦-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



માધાપર (સિનુગ્રા) નિવાસી શ્રી હરિલાલ માંડણભાઇ ટાંક (ઉ.વ.૮૭)નું તા. ૧૧-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



માધાપર (હાજાપર) નિવાસી હરીકુંવરબેન હરિલાલ યાદવ (ઉ.વ.૭૭)નું તા. ૧૭-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.




અંજાર નિવાસી શ્રી હસમુખભાઇ દેવરામભાઇ વેગડ (ઉ.વ.૭૬)નું તા. ૨૬-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (ખંભરા) નિવાસી શ્રી નટવરલાલ અમરશીભાઇ ટાંક (ઉ.વ.૫૬)નું તા. ૩૧-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.


# અનંતની યાત્રાએ...



અંજાર નિવાસી શ્રી રતિલાલ હરિલાલ ટાંક (ઉ.વ.૭૦)નું તા. ૩૧-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ઔરંગાબાદ (અંજાર) નિવાસી કેપ્ટન ઇશ્વરલાલ વિશ્રામભાઇ રાઠોડ (ઉ.વ.૮૨)નું તા. ૨૦-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાંચી (દેવળીયા) નિવાસી શ્રી નાનાલાલ વાલજીભાઇ રાઠોડ (ઉ.વ.૯૯)નું તા. ૦૮-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



વડોદરા (ખેડોઇ) નિવાસી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમારનું તા. ૨૨-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કુમ્હારી (દેવળીયા) નિવાસી શ્રી પ્રભુલાલ દેવશીભાઇ ટાંક (ઉ.વ.૯૩) (પૂર્વ પ્રમુખ કુમ્હારી ઘટક)નું તા. ૦૭-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



સિવની (કુકમા) નિવાસી શ્રી મનોહરભાઇ શીવજીભાઇ ટાંક (ઉ.વ.૬૯)નું તા. ૧૧-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ડીંડીગલ (અંજાર) નિવાસી શ્રી ઉમેશભાઇ બેચરભાઇ ખોડિયાર (પ્રમુખશ્રી તામીલનાડુ પ્રા.સ.) (ઉ.વ.૭૦)નું તા. ૧૪-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (નાગલપર) નિવાસી શ્રી સુરેશભાઇ મોરારજીભાઇ રાઠોડ (ઉ.વ.૬૩)નું તા. ૨૯-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ડીંડીગલ (અંજાર) નિવાસી ગં.સ્વ. કવિતાબેન ઉમેશભાઇ ખોડિયાર (ઉ.વ.૬૪) તે સ્વ. ઉમેશભાઇ બેચરભાઇ ખોડિયાર (તા.પ્રા.સ.પ્રમુખ)ના પત્નીનું તા. ૧૭-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંગુલ (ખેડોઇ) નિવાસી કુ. ગણીષ્કા તાપસભાઇ રાઠોડ (ઉ.વ.૦૪)નું તા. ૬-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.




રાયપુર (કુકમા) નિવાસી શ્રી પ્રવિણભાઇ પ્રાગજીભાઇ ટાંક (ઉ.વ.૫૬)નું તા. ૨૫-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ચંદિયા નિવાસી ગં.સ્વ. હંસાબેન કિશોરભાઇ ચાવડા (ઉ.વ.૪૬)નું તા. ૦૯-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અમદાવાદ (દેવળીયા) નિવાસી સ્વ. ભારતીબેન અનિલભાઇ ચાવડા (ઉ.વ.૭૦)નું તા. ૧૬-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



વડોદરા (દેવળીયા) નિવાસી શ્રી શીવલાલ ખીમજીભાઇ ચાવડા (ઉ.વ.૬૯)નું તા. ૧૮-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



શ્રી ઉમેશભાઇ ખોડિયાર તથા તેમના ધર્મપત્ની કવિતાબેન ખોડિયાર સજોડે અનંતની યાત્રાએ....

ડિંડીગલ નિવાસી તામિલનાડુ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી ઉમેશભાઇ બેચરભાઇ ખોડિયાર તથા તેમના ધર્મપત્ની શ્રીમતી કવિતાબેન ઉમેશભાઇ ખોડિયાર બન્ને બે દિવસના અંતરમાં એક સાથે સ્વર્ગમાં પ્રયાણ કરેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને ચિરઃ શાંતિ પ્રદાન કરે એજ પ્રાર્થના... ૐ શાંતિ...




Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




## Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750  Rajen A. Rathod - 9898 907744

Ashok A. Rathod - 9898 907740  Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**



LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswngp1@gmail.com | Website : lalitapublicschool.com
Fly With Me
Director : Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

|| ઓમ શાંતિઃ ||

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા


Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)

## માધવ સ્વીમીંગ – કુકમા











આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...
સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

**શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ**

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

**શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર**

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

**માધવ સ્વીટ એન્ડ નમકીન**



શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮





Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



YOGESH CHAWDA

vedbhumi

**VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.**
**VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.**

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda | Abhilasha A. Chawda**

**(Chandia)**




Khodiyar Engineering Works

Urja Engineering Company

Perfect Power Systems

Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- ~ Installation of DP Structure.
- ~ Installation of Cables and connecting them, etc.
- ~ Supply of Transformers and Vaccume Circuit Breaker
- ~ Rewinding Of all types of Motors and Generators.
- ~ Filtration and supply of Transformer Oil.
- ~ Supply of All types of Switchgears.
- ~ All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric · AVOCAB WIRES & CABLES · HPL The Power of Technology · connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**
**Ph. (0) +91 2836 233791 • Fax : +91 2836 233761**
**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**
**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




*With Best Compliments*



**Vipin Rathod**
Managing Director

UNITRON

*The Instrumentation People*

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.






**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on December-2023
Postal Registration No. G-KCH-185/2023-2025    Posted at S.O. BHUJ on 2nd of Every Month.

|| જય સીયારામ ||



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી પરિવાર
# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

### દાન માટે અપિલ :-

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

**PAN NO. AABTS 4600 B**

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી |
| રૂા. ૧૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી |
| રૂા. ૫,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી |
| રૂા. ૬,૦૦૦/- | નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.) |
| રૂા. ૪,૦૦૦/- | નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી |
| રૂા. ૨,૦૦૦/- | નું દાન આપનાર આજીવન સભ્યશ્રી |

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

આપના વિનમ્ર

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

મુદ્રક અને પ્રકાશક : વિનોદ મોહનલાલ ખોડીયાર એ આ મુખપત્રના માલિક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા), 'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર – ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ – અંજાર ખાતે તૈયાર કરાવી, શ્રી હરિ ઓફસેટ – ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.